'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૭ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

परम पूज्य पंन्यासश्री भद्रंकरविजयजी गणिवर्य महाराजा




मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)




આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૭ ॥

પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

- **PARAM BHADRANKAR SHRI NAVKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Shri Navkar Mahamantra and experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 7**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 500 Copies / 124 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

- **SPONSOR**

---

- **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com
www.navkarday.com
Amazon Kindle
Telegram : HastaksharNuAkshayPatra




'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' શ્રેણીના ભાગો જેમ-જેમ પ્રગટ થઈ વંચાતા ગયા, તેમ તેમ પૂજ્યપાદ્ દાદાગુરૂમહારાજ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી પ્રત્યે ચતુર્વિધ સંઘના વાચકોના હૃદયમાં કંઈક નવી ચેતના આવી અને ભાવિકોની વારંવાર માંગણી થઈ કે: 'સાહેબજી! આમાંથી નવકારનું ચિંતન જૂદું પાડીને નાના ભાગમાં પ્રગટ થાય તો સારૂં.' ભારતીબેને અંતરની ગુરૂભક્તિથી એ ચિંતનો એકત્રિત કર્યા, તો તેમાં ૧૦૦૦ જેટલાં પાનાં થયાં, તેમાં ૧૦૮ પાનાંનો ૧ ભાગ એવા ૯ ભાગ પ્રકટ થઈ રહ્યા છે, તેનો આનંદ છે. આવો, આ ચિંતનોનાં અનેક ચમકારાઓમાંથી અમુકનો આસ્વાદ કરીએ:

'નવકાર સમભાવની અનુમતિરૂપ છે અને સામાયિક સમભાવની ક્રિયારૂપ છે. નવકાર એ જ્ઞાન-દર્શન છે, સામાયિક એ ચારિત્ર છે. નવકાર વડે 'સર્વ જીવો આત્મતુલ્ય છે' એવું જ્ઞાન અને સર્વ જીવો તરફ આત્મતુલ્ય જોવાનું દર્શન પમાય છે. સામાયિક વડે તેને જીવનમાં ઉતારવાની ક્રિયા થાય છે.' આવી અનુપ્રેક્ષાઓથી ભરપૂર છે આ આવૃત્તિ.

આ નૂતન હસ્તાક્ષર સાહિત્ય આપણને પ્રાપ્ત કરાવવામાં આર્થિક ઉપકારી પ્રભુ-ગુરૂભક્તાત્મા સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની ગુરૂભક્તિ તથા રાજકોટના અમારા સુશ્રાવક દિપકભાઈના સુશ્રાવિકા **ભારતીબેન**નો ગુરૂસાહિત્ય ઉપરનો પ્રેમ કાયમ યાદ રહેશે. નવકારના ચિંતનનું અવગાહન કરીને નવકારમય બનીએ.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





## નમસ્કાર અને ત્રણે યોગ

નમસ્કારનો વ્યાવહારિક અર્થ આરાધ્યરુચિ અને
પારમાર્થિક અર્થ આત્માનુભૂતિ છે.
'नमो' શબ્દ દાસત્વસૂચક છે અર્થાત્ કર્મયોગ.
'अरिहं' શબ્દ સેવકત્વસૂચક છે અર્થાત્ ભક્તિયોગ.
'ताणं' શબ્દ આત્મત્વસૂચક છે અર્થાત્ જ્ઞાનયોગ.
ત્રણે મળીને પૂર્ણ મંત્ર બને છે.

## પંચપરમેષ્ઠિ અને પંચમહાભૂત તત્ત્વો

તત્ત્વ એટલે રહસ્યભૂત વસ્તુ - તે આત્મા છે.
અરિહંતોના ધ્યાનથી પૃથ્વીતત્ત્વ,
સિદ્ધોના ધ્યાનથી આકાશતત્ત્વ, આચાર્યોના ધ્યાનથી
અગ્નિતત્ત્વ, ઉપાધ્યાયોના ધ્યાનથી જલતત્ત્વ તથા
સાધુના ધ્યાનથી વાયુતત્ત્વની શુદ્ધિ થાય છે.
જે મંત્રના રચનાકાર લોકોત્તર હોય, તે મંત્ર પણ
લોકોત્તર છે. મંત્રયોજકોની શક્તિ પણ મંત્રમાં ઉતરે છે.
તે મંત્રો આત્મવિશુદ્ધિ, કર્મમુક્તિ આદિ માટે હોય છે.

૧ ૨ ૩ ૪ ૫
अ रि हं ता णं = આનંદ, આરોગ્ય, આત્મિન્દ્ર, ઉત્તમ, ધર્મ.

'નમો અરિહંતાણં ।' એ પરમ મંત્ર છે.

પાંચે પરમેષ્ઠિ આનંદાદિ પાંચેના ધામરૂપ ભાસે છે.

(૧) અરિહંતદેવ આનંદના (૨) સિદ્ધદેવ આરોગ્યના ધામ છે.
(૩) આચાર્ય ભગવંત આત્મિન્દ્ર સમાન ગુણના ધામ છે.
(૪) ઉપાધ્યાય ભગવંત સમાનપણાંની સાધનાનાં ધામ છે.
(૫) સાધુ ભગવંત આચારના ધર્મમાં સાવધાનીવાળા છે.

આરાધકને તે તે ગુણના ધારકો ભાસે

અલૌકિક એટલે ચક્ષુ વડે આંખે સાક્ષાત દેખાતાં હોય,
અમાપ્ય એટલે હૃદયપ્રદેશ થકી મધુરાલાપ કરતાં હોય,
અરૂપ્ય એટલે સર્વ સંજોગોમાં અનુભવાતાં હોય અને
તન્મયતાને પામી જતાં હોય, એવો અનુભવ થાય છે.

પાંચ પીઠ - પાંચ પ્રસ્થાનના પ્રવર્તક આચાર્ય છે.

જે પાંચ આચારથી પવિત્ર હોય,
તે આચાર્ય સૂરિમંત્રના પાંચ પીઠને પામી શકે છે
અર્થાત્ તેની સાથે અભેદ પ્રણિધાનને સાધી શકે છે.

## શ્રી પંચ પરમેષ્ઠિ અને

## ચંદ્ર - સૂર્ય - ગ્રહ - નક્ષત્ર - તારાની સુંદર સરખામણી

નવકાર અને નવપદના પાંચ પરમેષ્ઠિઓમાં
સર્વ પ્રકાશક પદોનો સંગ્રહ થઈ શકે છે:

(૧) અરિહંતો ચંદ્રતુલ્ય છે, તે ઉપદેશ અને અનુગ્રહ વડે ચંદ્ર સમ સિદ્ધત્વનું લાભ કરાવે છે.

(૨) સિદ્ધો સૂર્યતુલ્ય છે, તે સૂર્યની જેમ સદા પૂર્ણ પ્રકાશનો આદર્શ અને દાન કરી રહ્યા છે.

(૩) સર્વ આચાર્યો નવ ગ્રહોની જેમ સર્વને આસેવન - શિક્ષાનો પ્રકાશ આપી રહ્યા છે.

(૪) સર્વ ઉપાધ્યાયો ૨૭ નક્ષત્રોની જેમ ગ્રહણ - શિક્ષાનો પ્રકાશ આપી રહ્યા છે.

(૫) સર્વ સાધુઓ અસંખ્ય તારાઓની જેમ અહોરાત્રિમાં આત્મસાધનાપ્રકાશનું દાન કરી રહ્યા છે.

બાહ્ય અવકાશમાં જ્યોતિષી દેવતાઓ અસંખ્ય છે, પરંતુ તેમનો સંગ્રહ ઉપરના પાંચ પ્રકારોમાં થઈ જાય છે.

## નવકારમાં એક ઘટાવ શક્ય છે:

સર્વ આરાધક આત્માઓમાં જે અંશમાં
ધૈર્ય અને ક્ષમાગુણ છે, તે અંશમાં સાધુત્વ,
પ્રમોદ અને નમ્રતાગુણ છે, તે અંશમાં ઉપાધ્યાયત્વ,
કરુણા અને સરળતાગુણ છે, તે અંશમાં આચાર્યત્વ,
માધ્યસ્થ્ય અને સંતોષગુણ છે, તે અંશમાં સિદ્ધત્વ
અને એ ચારે છે, તે અંશમાં અરિહંતત્વ છે.

## નવકારથી સધાય આચાર - વિચારમાં ઐક્ય

આચાર - વિચાર વચ્ચેનું અંતર રહેવાનું જ, કેમકે
વિચાર એ ચિત્તની અને આચાર એ દેહની વસ્તુ છે.
ચિત્તની જેટલી ગતિ - તેટલી ગતિ દેહની ન હોઈ શકે.
સંભાળવાનું એટલું જ છે કે બંને વચ્ચે વિરોધ ન રહે.
વિચારની દિશામાં આચારનું હોવું, તેટલું જ શક્ય છે.
બંનેની એકતા સધાવી તે હંમેશા દુષ્કર કાર્ય છે,
કિન્તુ નવકાર મહામંત્રના બળથી શક્ય બની શકે છે.
વિચાર ઉત્તરમાં તથા આચાર દક્ષિણમાં ન હોવા જોઈએ.

## નમસ્કાર મંત્ર શેની પરંપરા સર્જે?

મંત્રમાત્ર બુદ્ધિને સત્ તરફ લઈ જવાનું કાર્ય કરે છે,
અને સર્વશ્રેષ્ઠ નમસ્કારમાં જેને નમવામાં આવે છે,
તે સત્કર્મ, સદ્વિચાર અને સદ્બુદ્ધિ ભરેલાં છે, તેથી
તેમનું સ્મરણમાત્ર બુદ્ધિને સત્તત્ત્વ તરફ દોરી જાય છે,
અજ્ઞાન - અવિદ્યાનો નાશ કરે છે અને
સદ્વર્તન - સદાચારની વૃદ્ધિ કરે છે.

નમસ્કાર મંત્ર એ સર્વાતિશાયી સર્વશ્રેષ્ઠ મંત્ર છે,
તેથી બુદ્ધિ સ્થિર, સૂક્ષ્મ અને શુદ્ધ બને છે.

માનવમાત્રને હિતાહિતનો વિવેક કરી શકે તેવી
બુદ્ધિ સાંપડી છે પણ વાસના - તૃષ્ણાજન્ય સંસ્કારોથી
તે બુદ્ધિ અસત્ તરફ દોડી જાય છે.

તેના પરિણામે અસદ્ વિચાર અને અસત્ કર્મોની
પરંપરા સર્જાય અને તેનો અંત તો ન આવી શકે,
જો બુદ્ધિ સત્તત્ત્વ તરફ દોરાય અને
તેમાંથી સદ્વિચાર ઉપરાંત સત્કર્મોની પરંપરા સર્જાય.

નવકાર મહામંત્રમાં સંયુક્ત અક્ષરો ૭ છે અને
અસંયુક્ત અક્ષરો ૬૧ છે.

નવકારમાં 'વિજ્ઞપ્ત્યંતં પદં' ૨૦ છે અને
શબ્દોના સમૂહાત્મક પદ ૯ છે.

નવકારમાં સંપદા-અર્થાધિકાર-અર્થના વિશ્રામસ્થાન ૮ છે.
એ ૮ સંપદાને 'આલાપક' એટલે કે
સંબંધ ધરાવતાં શબ્દોવાળો પાઠ પણ કહે છે.

નવકાર મહામંત્રમાં અધ્યયન ૫ અથવા ૮ છે.

<u>એના પણ એક વ્યુત્પત્તિ છે કે:</u>

ચિત્તને અધ્યાત્મ તરફ લઈ જાય, તે અધ્યયન.

નવકારનો અર્થ = રહસ્યાર્થ અથવા તત્ત્વનો પ્રકાશ.
અર્થ એટલે ભાવમંદિરમાં પ્રવેશ કરવાનું મંગળ દ્વાર,
આનંદરૂપી અનુપમ સરિતામાં વિહરવાની નાવ, જેમાં
વિહરવાથી સાત્વિક આનંદની અનુભૂતિ થાય છે.

ત્યાગ, તપ, સંયમનું સેવન કરીને જે
પરમપદે પહોંચેલા હોય, તેને 'પરમેષ્ઠિ' કહેવાય છે.

# નવકાર દ્વારા કરાતી પ્રાર્થનાનાં ૭ નિયમો

(૧) પ્રશાન્ત બનો.

શારીરિક સ્વસ્થતા અને માનસિક એકાગ્રતા પામો.

(૨) ક્ષમાશીલતા રાખો.

પ્રભુએ તમને ક્ષમા આપી છે, તો તમે સૌને ક્ષમા આપો.

(3) પ્રભુની સ્તુતિ કરો.

પ્રભુનું નામ ઉજ્જવલ બનો, સાંન્નિધ્યનો અનુભવ કરો.

(૪) વિનયપૂર્વક માંગણી કરો.

માંગણી કરતી વખતે મનમાં સ્પષ્ટતા હોવા જરૂરી છે.

(૫) જવાબ માટે એકાગ્રતા કેળવો.

અંદરનો અવાજ પ્રભુની સઘન અનુભૂતિરૂપ પણ હોય છે.

(૬) મનમાં સદા કૃતજ્ઞતાનો ભાવ રાખો.

જે મળ્યું છે, તેના માટે રોજે ઈશ્વરનો આભાર માનો.

(૭) પ્રાર્થનાનાં પરિણામમાં અડગ વિશ્વાસ કેળવણી કરો.

પરમાત્માની પ્રાર્થનામાં અટલ શ્રદ્ધા કેળવણી કરવી.

આ રીતે નવકાર ગણવાથી તે ફળે જ છે.

ઇષ્ટદેવના નામના સતત સ્મરણથી આત્મસાક્ષાત્કાર

માનવ આત્મરૂપથી મહાન છે, દેહરૂપથી ક્ષુદ્ર છે.

આ માનવદેહથી જ આત્મસાક્ષાત્કાર કરી શકાય છે,

અન્ય યોનિઓમાં એ શક્ય નથી.

માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ આત્મસાક્ષાત્કાર છે,

ઉચ્ચતર ભક્તિમાં ભગવાન - ભક્ત એકાકાર બને છે.

પ્રભુના ગુણોનો મહિમા ગાવો, તે સ્તુતિ.

તે ગુણ મારામાં આવે, તે યાચનાનું નામ પ્રાર્થના.

તે ગુણોને પચાવી તદાકાર થવું, તે ઉપાસના છે,

નામનું સતત સ્મરણ છે. નામ અને નામીમાં ભેદ નથી.

નામ ગ્રહણ કરતાં નામી પકડાય છે.

ભક્તિનાં બધા માર્ગોમાં નામસ્મરણ રૂપી

ભક્તિનો માર્ગ સરળતમ છે.

દિવસના ચાર ભાગ પાડીને ચાર કલાક જાપ કરો.

સમર્થને શરણે જવાથી તમારી બધી ચિંતા ટળી જશે.

નવકાર = આનંદનો ગુરુમંત્ર - કલ્યાણનો પરમ મંત્ર.

શ્રી નમસ્કાર મહામંત્રમાં
અચિંત્ય શક્તિ રહેલી છે, તે તર્કનો વિષય નથી.
નિયત કાર્યકારણભાવનો વ્યવહાર પણ ત્યાં ઘટી ન શકે.
એક જ મંત્ર સર્વ અપેક્ષિત કાર્યોને સાધી શકે છે,
આપ્તવચન તેમાં પ્રમાણ છે.
આપ્તત્વનો નિશ્ચય તે જ વિશ્વાસનું કારણ છે.
મંત્રનું પ્રામાણ્ય તર્કથી નહિ પણ શ્રદ્ધાથી ગ્રાહ્ય છે.
મંત્રદાતા અને મંત્રના દ્રષ્ટા સર્વ
વીતરાગ અને સર્વજ્ઞ હોવાથી આપ્ત અને શ્રદ્ધેય છે.
૯ મંત્રપદોમાં અચિન્ત્ય શક્તિ છે, કારણ કે
તેનો સંબંધ તીર્થંકર - ગણધર આદિના વચનો સાથે છે.
જ્ઞાન અને ધ્યાન વડે મંત્રપદ શુદ્ધ કરવામાં આવે છે.
અજ્ઞાનરૂપી તમોગુણનો નાશ જ્ઞાન વડે થાય છે અને
ચંચળતારૂપી રજોગુણનો નાશ ધ્યાન વડે થાય છે.
રજો- તમોમલ નાશ પામતાં સત્ત્વગુણ પ્રતિષ્ઠિત થાય છે.
સાત્ત્વિક ભાવની પ્રાપ્તિ એજ મંત્રપદની શુદ્ધિ ગણાય છે.

## શ્રી નમસ્કાર મહામંત્રમાં નાદ - કલા - બિન્દુ

નમો = નાદ.

અરિહંસિદ્ધઆયરિયઉવજ્ઝાયસાહૂ = બિંદુ, ણં = કલા.

એસો પંચ નમુક્કારો સવ્વપાવપ્પણાસણો = નાદ.

મંગલાણં ચ સવ્વેસિં = બિંદુ, પઢમં હવઇ મંગલં = કલા.

નમો = મન, વચન, કાયાનો સંકોચ.

શબ્દબ્રહ્મ - પ્રકૃતિબ્રહ્મ - પરબ્રહ્મ = તે ત્રણેનો વિસ્તાર.

કવિરાજ ગોપીનાથના મતે આનાપાન = આનાપાનસતિ. અનેક મહાપુરુષોએ આનાપાન કરી સુખ, શાંતિ અને સમાધિ મેળવ્યા છે. મધ્યસ્થ = મધ્ય એટલે આત્મા.

મધ્યસ્થ ભાવના નવકારનો સાર છે અને તેની પરંપરાએ ચૌદ પૂર્વનો પણ તે સાર છે.

કર્મક્ષયના હેતુથી થનારું અનુષ્ઠાન સિદ્ધ ભગવંતને અર્પિત થાય છે. આજ્ઞાપાલન અર્થે થતું અનુષ્ઠાન તે શ્રી અરિહંત ભગવંતોને અર્પિત થાય છે. નિષ્કામભાવ એટલે પ્રત્યેક ધર્માનુષ્ઠાનમાં રહેલો ઈશ્વરાર્પિતભાવ.

શ્રી નમસ્કાર મહામંત્ર પ્રથમ મંગળ કઈ રીતે ?

સુખને કે પુણ્યને લાવે તે મંગળ.

મંગળના પર્યાય શબ્દો છે: મંગલ, પુણ્ય, પવિત્ર, પૂત,
પ્રશસ્ત, શુભ, શિવ, ભદ્ર, કલ્યાણ, સૌખ્ય વગેરે.

પાપમલનું ગાલન કરે, વિનાશ - વિધ્વંસ કરે તે મંગલ.

વિઘ્નનો વિનાશ કરે અને કાર્યની સિદ્ધિ કરે તે મંગળ.

જીવ, જીવગુણ અને જીવનો લાભ - દર્શન
ઉપયોગરૂપ પરિણામ તે મંગળ છે. અભેદમાં પણ
વિભક્ત છે, દ્રવ્યાર્થિકનયથી તે અનાદિ - અનંત છે.

સિદ્ધ ભગવંતનું મંગળ સાદિ - અનંત છે.

મંગળ આદિ, મધ્ય અને અંત - એમ ત્રણ પ્રકારનું છે.
આદિ મંગળ વિઘ્ન હરે, મધ્ય મંગળ સ્થિર કરે નક્કી,
અંત્ય મંગળ શુભ ફળની પ્રાપ્તિ કરાવે છે.

દરેક કાર્યની સિદ્ધિ માટે સત્પુરુષોએ
આદિ, મધ્ય અને અંત્ય મંગળનું વિધાન કરેલું છે.

જિનેન્દ્ર ભગવાનના ગુણોનું કીર્તન કરવું એ જ મંગળ છે.

'નમો' વડે તત્ત્વરૂચિ જાગ્રત થાય છે તથા સદ્ગુરૂનો યોગ થાય છે. તેમના મુખે શ્રવણ કરવાથી આત્મા અને તેની મુક્તિ પ્રત્યે અનુરાગ જાગે છે. મોક્ષ અને તેના ઉપાયોનું શ્રવણ - મનન કરવાનો ઉત્સાહ જાગે છે, તેથી આત્મતત્ત્વમાં 'અહં'બુદ્ધિ સ્થિર થાય છે અને આત્માના ધ્યાનમાં પ્રગતિ થવા વડે આત્મસાક્ષાત્કારની ભૂમિકા સર્જાય છે.

આ બધો નમસ્કાર મંત્રનો પ્રભાવ છે, તેથી તેને સર્વશિરોમણિભૂત મંત્ર માનેલો છે. નમો વડે મમતા જાય અને સમતા આવે છે. બુદ્ધિરૂપી ત્રાજવાને આત્મા રૂપી પલ્લામાં નમાવવાની ક્રિયા, તે 'નમો' છે. 'નમસ્કાર મંત્ર વડે સર્વ પાપનો નાશ થાય' તેનો અર્થ અનર્થકારી એવા પુદ્ગલની મમતાનો નાશ થાય છે. પુણ્યશરીરને ઉત્પન્ન કરી તેનું પાલન, પોષણ, વર્ધન કરી આત્મહંસમાં વિશ્રાંતિ કરાવનાર સરલ સાધન તે ઇષ્ટની નમસ્કૃતિ જ છે.

## 'નમો' એ શેનો શેનો મંત્ર છે ?

'નમો' એ જ્ઞાન - દર્શન - ચારિત્રનો મંત્ર છે.
તે દેવ - ગુરુ - ધર્મની ભક્તિનો મંત્ર છે.
મન, વચન અને ઇંદ્રિયને વશ રાખવાનો મંત્ર છે.
તે રાગ - દ્વેષ અને મોહને જીતવાનો મંત્ર છે.
તે દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના - શરણાગમનનો મંત્ર છે.
તે સત્ - ચિત્ - આનંદનો મંત્ર છે.
વૃત્ત ઉપરથી બિંદુ તરફ જવાનો મંત્ર છે. સંસારનો ઉચ્છેદક, કર્મનો ઘાતક અને પાપનો પ્રતિપક્ષ મંત્ર છે.
સિદ્ધિનો સાધક, મોક્ષનો જનક, કેવળજ્ઞાનનો ઉત્પાદક છે.
ચૌદ પૂર્વોનો ઉદ્ધાર, ૪૫ આગમોનો રહસ્યભૂત મંત્ર છે.
રાગ - દ્વેષનો વિરોધી અને સમતાનો પોષક મંત્ર છે.

નવકાર વડે ત્રણ પ્રકારની ચેતના શુદ્ધિ

કર્મ, કર્મફળ અને જ્ઞાનચેતનાની વિશુદ્ધિ થાય છે.
સુખ - દુઃખને સમાવવાની, રાગ-દ્વેષને દબાવવાની અને જ્ઞાન - દર્શનને જગાવવાની પ્રક્રિયા નવકારથી સધાય છે.

## નવકારનો નૈસર્ગિક નાદ કેવો છે?

સ્વભાવની સાર્વભૌમ સત્તા આ સત્યને સંસ્થાપન કરવા માટે છે અને સમસ્ત જગતનું નિયંત્રણ આ નૈસર્ગિક નાદનું જીવોને અમૃતપાન કરાવવા માટે છે.

નૈસર્ગિક નિયંત્રણ અર્થ

The mission of nature - એ બંને એકાત્મક નૈસર્ગિક નાદ - દિવ્યધ્વનિની વાત રૂપ છે.

કલ્પનાત્મક નહિ પણ કમ્પનાત્મક છે,
ચિન્તનાત્મક નહિ પણ ચિન્તામણિ રત્નાત્મક છે.
નૈસર્ગિક નાદ સંશયાત્મક નહિ પણ સત્યાત્મક છે,
તે શબ્દાત્મક નહિ પણ સ્વભાવાત્મક છે.
નૈસર્ગિક નાદ ઉપમાત્મક નહિ પણ ઉત્થાનાત્મક છે,
તે વિચારાત્મક નહિ પણ વિકાસાત્મક છે.
નૈસર્ગિક નાદ પ્રલોભાત્મક નહિ પણ પ્રબોધાત્મક છે,
તે ભાવનાત્મક નહિ પણ ભવ્યાત્મક છે.

નવકાર તો મનનું મન છે, આરાધનામય જીવન છે.

Super Important

## શ્રી નમસ્કાર મહામંત્ર - પરમ આલંબન

'ઇષ્ટ' એટલે ઇચ્છાનો વિષય અને
તેની પૂર્તિ કરાવનાર શ્રી પંચ પરમેષ્ઠિ છે.

મુમુક્ષુઆત્માની ઇચ્છાનો વિષય આત્મમુક્તિ હોય છે, તેની પૂર્તિ કરાવવાનું સામર્થ્ય સ્વયં જેમણે મુક્તિ મેળવીને એ મુક્તિ મેળવવાનો માર્ગ દર્શાવ્યો છે, તેમને તથા તે માર્ગે ચાલનાર સર્વ પુણ્ય પુરુષોનું આલંબન છે. એ આલંબન શ્રી નમસ્કાર મહામંત્ર પૂરું પાડે છે, તેથી તેને ત્રિકરણ યોગે સમર્પણ કરવું - સમર્પિત થઈ જવું, એ જ એક વિવેકી એવા માનવજન્મનું પરમ ફળ છે.

નવકારમાં માંગવાનું નહિ,
શોધવાનું પણ નહિ, માટે તેમાં માત્ર ખખડાવાનું છે.
જેને નમસ્કાર મંત્ર મળ્યો છે, તેને
મોક્ષ, મોક્ષમાર્ગ, બોધિ, સમાધિ અને સિદ્ધિ હથેળીમાં છે.
સંસારમાં પણ તે જીવ સદ્ગતિની પરંપરા વડે
ઉત્તરોત્તર પરમ ઉન્નતિ સાધે છે.

નમનાર માંગતો નથી, નમનાર શોધતો પણ નથી,
નમનાર તો માત્ર ઝૂકાવે છે અને તેને
ન ચિન્તવેલું, ન ઇચ્છેલું પણ સહેજે આવીને મળે છે.
ક્યારેય કાંઈ ન માંગો અને સર્વસ્વ મળશે.
સર્વસ્વ આપવાથી સર્વસ્વ મળે છે.
નમસ્કારમાં મન - વચન - કાયા, એમ ત્રણેનું દાન છે.
<u>નમસ્કાર એ સર્વશ્રેષ્ઠ પ્રાર્થના છે, સર્વશ્રેષ્ઠ પ્રત્યે
પ્રાર્થના છે તથા સર્વશ્રેષ્ઠ થવા માટેની પ્રાર્થના છે.</u>
નમો = ગુણાનુરાગનું પ્રતીક - અંતરાત્મભાવને લાવનાર છે.

<u>'ૐ નમઃ સિદ્ધં ।' મંત્રનું માહાત્મ્ય</u>

સમગ્ર વિશ્વ પર અષ્ટકર્મ જીતનારાઓનું શાસન ચાલે છે,
તે સત્ય સૂચવનાર મંત્ર 'ૐ નમઃ સિદ્ધં ।' છે.
સિદ્ધોને નમીને તીર્થંકરો દીક્ષા લે છે અને
તેઓ તીર્થને નમીને દેશના આપે છે.
સિદ્ધ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે અને
તીર્થ એ શુદ્ધ (સિદ્ધ) સ્વરૂપને પામવાનો માર્ગ છે.

## નવકાર મંત્ર એક નૈસર્ગિક નાદ - ધર્મધ્વનિ

વિશ્વતંત્ર, સ્વભાવસત્તા, લોકસ્થિતિ, ધર્માનુશાસન,
Cosmic Order તથા 'વત્થુ સહાવો ધમ્મો' અનુસાર
નવકારમહામંત્ર એક નૈસર્ગિક નાદ યાને ધર્મધ્વનિ છે.

નવકાર મંત્રનો આ નાદધ્વનિ
વિશ્વતંત્રના વિધાનનો આધારસ્તંભ છે.

પદાર્થ વિજ્ઞાનનો પ્રાદુર્ભાવ
આ પરમેષ્ઠિ મંત્ર તરફ પૂજ્યભાવ ઉત્પન્ન કરવા માટે છે.

આપણા સમગ્ર વિશ્વનું વિધાન
આ મંત્રનું રહસ્ય સમજાવવા માટે છે.

બધું નૈસર્ગિક નિયંત્રણ
આ નવકાર મંત્રને નિરંતર વ્યાપક બનાવવા માટે છે.

આ નવકાર મંત્રનું ચિન્તન ચિન્તામણિરત્ન તુલ્ય છે,
સત્ય છે, સરળ છે, ઉત્થાન કરનારું છે,
વિકાસાત્મક છે, પ્રમોદાત્મક છે, સર્વ શ્રેષ્ઠ ભાવાત્મક છે,
કલ્પતરૂ - કામધેનુ - કામકુંભથી પણ અધિક મહિમાવાળું છે.

ઉહાપા, સં. ૨૦૨૯, જેઠ સુ - ૮, શુક્રવાર

નવકાર જાપ પૂર્વે પરમ પ્રભુને શાંતિદાયક પ્રાર્થના:

(૧) હે પ્રભુ! મારા મનમાં, શરીરમાં અને શક્તિમાં તમારી દિવ્યશક્તિ પૂર્ણ રૂપથી રહેલી છે.

તમારું અસીમ જીવન અને શક્તિ મારા આ જીવનમાં અસ્તિત્વ પામેલા છે. તમારું સર્વેનું મન મારામાં વ્યાપ્ત છે.

(૨) તમારું જ ચૈતન્ય મારા જીવનનો પ્રવાહ બનીને મારા શરીરની પ્રત્યેક ઇંદ્રિયો અને નસેનસમાં વ્યાપ્ત છે.

(3) હે પ્રભુ! તમારી આપેલી ચૈતન્યની શક્તિ મારા મનને પ્રફુલ્લિતામાં બદલી રહેલ છે.

(૪) મારા શરીરના પ્રત્યેક અવયવોનું યથાર્થ પાલન - પોષણ તમારાં જીવનતત્ત્વથી થઈ રહ્યું છે.

(૫) મારા શરીરના પ્રત્યેક કણમાં તમારી જ ચેતના અને બુદ્ધિનો મહિમા વ્યાપી રહ્યો છે.

(૬) હે પ્રભુ! તમારી બુદ્ધિશક્તિ જ મારા મનના સંકુચિત વિચારોને દૂર કરી તેના મહિમાનું ગાન કરે છે.

(૭) મારું હૃદય એ તમારું જ પવિત્ર હૃદય છે. તમે તેને
પ્રફુલ્લિત કરતા રહો. જેથી તમારા ચૈતન્યના પ્રેમકિરણો ચારે
તરફ વ્યાપી જાય અને બધાને પણ જગાડીને પ્રકાશિત કરે.

(૮) હે પ્રભુ! હું મારા મનને તમારી શક્તિ તરફ
સ્વાસ્થ્ય અને શાંતિ માટે અગ્રેસર કરી રહ્યો છું.

(૯) તમારી દૃઢ ચેતના મારા સર્વ ભયોને દૂર કરીને
મારું રક્ષણ કરે છે, તેના પ્રેમમહિમાનું હું ગાન કરું છું.

(૧૦) તમે પ્રત્યક્ષપણે જીવન, પ્રકાશ અને પ્રેમરૂપ છો.
પ્રત્યેક જીવ તમારી સાથેના અસ્તિત્વને સ્વીકારશે અને
સર્વમાં ઐક્યને ઉપલબ્ધ કરશે.

(૧૧) હે પ્રભુ! તમારી ચૈતન્યશક્તિ મને આપો,
જેથી તમારા મહિમાનું ગાન હું કરી શકું.

આત્મસ્થિરતા ટકાવવા સર્વસંગપરિત્યાગ જરૂરી છે.
નવકારના જાપ માટે મૌન - ધ્યાન - એકાંત જરૂરી છે.
તે વડે રાગ, દ્વેષ, અજ્ઞાન અને મોહનો ક્ષય કરવો
તથા સંપૂર્ણ જ્ઞાન પ્રકટ કરવું, એ જાપનું ધ્યેય છે.

## અર્હંના ગૂઢ રહસ્યનો તાગ પામવો છે?

નવકારના સતત જાપના પરિણામે અર્હંનું ધ્યાન સ્વયં થતી જાય છે. અર્હં એ વિજ્ઞાનોનું વિજ્ઞાન, કળાઓની પરમકળા અને શક્તિઓની પરમ શક્તિ છે. નમસ્કાર વડે જ અર્હંના ગૂઢ રહસ્યનો તાગ મેળવી શકાય છે.

'નમો' એ નમ્રતા અને કૃતજ્ઞતાદર્શક અવ્યય છે.

'નમો' એ નમ્રતા, કૃતજ્ઞતા તથા વિનીતતા વડે 'અર્હં'ને 'અર્હં' બનાવનાર પારસમણિ છે.

અર્હંનો જે અનાહત નાદ વિશ્વમાં ગુંજી રહ્યો છે, તેનું Receiveing Station 'નમો' બને છે. જ્યારે અર્હંને નમો - નમો જે કરો આજ સૂક્ષ્મ અનુભવો, તેનો અંત અર્હંને એકાકાર ભાવથી નમવા વડે આવી શકે છે.

સ્વનું વિસર્જન અને સર્વમાં સ્વનું સર્જન.

અનન્ય શ્રદ્ધા, ભક્તિ, અધ્યયન, શરણાગતિ તથા નામ સ્મરણાદિથી પ્રસુપ્ત કુંડલિની જાગે છે. 'નમો' પદ જ વિનયનું ભવન અને ધર્મમંદિરમાં પ્રવેશવાનું દ્વાર છે.

ગુરુતત્ત્વનો પરિપાક એ વિનય છે.
આગમ વ્યક્તિમાં પ્રવેશ તેના ગુરુ દ્વારા જ થઈ શકે છે.
નમસ્કાર, કૃતજ્ઞતા કે વિનય વિના
કોઈપણ સ્થળે પ્રવેશ થવો અશક્ય છે, તેથી
વંદન એ ધર્મમાર્ગમાં પ્રવેશ કરવાનું મૂળ દ્વાર છે.
અનંત આર્હન્ત્યનું અનંત સ્વરૂપ અને
તેની કાર્યકર શક્તિ પંચ પરમેષ્ઠિઓ છે.
નમસ્કાર મંત્રના જાપ વડે પ્રાપ્ત થતો પરમેષ્ઠિઓનો
અનુગ્રહ અહં - મમ - મોહની મલિનતાઓને દૂર કરીને
નિર્મળ - શુદ્ધ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે.
મંત્ર = વિશિષ્ટ અક્ષરોનું સંયોજન, જેમાં દૈવી શક્તિ
અધિષ્ઠિત હોય છે, જે જપના પ્રભાવે જાગૃત થાય છે.
જપાત્ સિદ્ધિઃ ન સંશયઃ। મંત્ર એ યંત્રમય હોય છે,
તેમાં મંત્રદેવતાની સ્થાપના કરવામાં આવેલી હોય છે.
મંત્રચૈતન્યનું પ્રાગટ્ય જ સિદ્ધિનું મૂળ છે.
તેનાથી પછી સર્વ ઈચ્છિત કાર્યો થવા લાગે છે.

નવકારના જાપથી ત્રિકરણશુદ્ધિ થાય છે,
વિઘ્નો નાશ પામે છે, ઉપરાંત ઇષ્ટની સિદ્ધિ થાય છે.
જાપથી નામનિક્ષેપે, પ્રતિમાથી સ્થાપનાનિક્ષેપે
અને શાસ્ત્રાલંબનથી ભાવનિક્ષેપે ભક્તિ થાય છે.
અનુમોદનાથી કર્તવ્યબુદ્ધિ - ઉપાદેયબુદ્ધિ સ્થિર થાય છે.
દુષ્કૃતની ગર્હાથી પાપમાં હેયબુદ્ધિ અને
શરણાગમનથી બાવાઓમાં આધારબુદ્ધિ છૂટી જઈને
અરિહંતાદિમાં ત્રાણ, શરણ, આધારબુદ્ધિ સ્થિર થાય છે.
'પંચદેવતાઓની પૂજા કરવી, સત્કાર્યનું સમર્થન કરવું,
અસત્નું નહિ.' આવી વિચારધારા એ આભિગ્રહિક
મિથ્યાત્વ નથી. આવો જીવ અશુદ્ધ દેવાદિની પૂજા પણ
કરે, તો તે તત્ત્વવિરોધિ ન હોવાથી પ્રગતિનું ચિહ્ન છે.
હેમ અને રત્નો કમાવા છે?
કાયાથી થતો ધર્મ એ માટીમાંથી સોનું મેળવવાનો કીમિયો
અને મનમાં થતાં શુભ વિચારો તથા ભાવોથી થતો જાપ
એ તો રેતીમાંથી રત્નો ઉપાર્જન કરવાનો વ્યાપાર છે.

## ૩૧ ક્રોડ છિદ્રોવાળું વાજિંત્ર શું ?

કર્મ રૂપી કાયા માળખામાં બનેલા ૩૧ ક્રોડ છિદ્રોવાળા દેહરૂપી વાજિંત્રમાંથી નવકારના જાપ રૂપી સંગીતનો સુધાપ્રવાહ ચૌદ રાજલોકમાં વ્યાપી જઈને, ત્યાં ત્યાં રહેલાં સર્વ જીવોને તેમના તથાભવ્યત્વાનુસાર શાતા પહોંચાડે છે. ચૌદ રાજલોકના જીવોને થતાં તે શાતાના પરિણામ એ નવકારના આરાધકને બદલામાં મોટી સહાય કરે છે.

અરિહંતોની મૂડીથી આપણો ધર્મવ્યવહાર ચાલે છે.

તે ઉપકારનો બદલો વાળવાનું અનન્યસાધન

એ નવકાર મહામંત્રનું આરાધન છે.

જે અહંત્વને અર્હત્વથી અને મમત્વને સમત્વથી ગાળી - ટાળી નાખી દૂર કરી આપે, તે ભાવમંગળ છે.

એ નમસ્કાર મહામંત્ર દ્વારા કરાતું

પ્રભુનું સ્મરણ એ સંપત્તિ છે, વિસ્મરણ એ વિપત્તિ છે.

પ્રભુને સતત યાદ નહિ કરો તો કાન, આંખ અને મન દ્વારા અનેક પાપો લઈને તમે ઘેર આવશે.

પ્રત્યેક પ્રાણી દરપળે કોઈને ને કોઈને નમતા જ રહે છે,
પરન્તુ તે નમસ્કાર કેવળ જડ પદાર્થો કે પૌદ્ગલિક સુખો
પ્રત્યે હોય છે, તેથી ભવબંધન વધારે છે અને કર્મ-
સત્તાના ગુલામ બનાવી આત્મસ્વાતંત્ર્યથી અળગા રાખે છે.

નમસ્કાર એટલે રૂચિ, પ્રેમ, અંતરંગ બહુમાન.

પરમેષ્ઠિ નમસ્કાર આત્મા અને આત્માના ગુણોને
ઉદ્દેશીને થતો હોવાથી આત્મસ્વાતંત્ર્ય બક્ષે છે, કર્મના
દાસત્વમાંથી મુક્ત કરે છે, ભવભ્રમણનો નાશ કરે છે
તથા અવ્યાબાધ સુખને સમર્પે છે.

'ણમો'ના છેલ્લા અક્ષરને ઉલટાવવાથી
'ૐ નમઃ' - એ ધનુષ્ય બન્યું.

ધનુષ્ય નમનનું પ્રતીક છે, બાણ વિવેકનું પ્રતીક છે.

'નમઃ' પ્રકૃષ્ટ સ્તુતિ-પરમસ્તુતિરૂપ હોવાથી પ્રહ્વરૂપ છે.
પ્રહ્વરૂપી ધનુષ્ય ઉપર મનરૂપી બાણ ચઢાવીને જો
અરિહંતરૂપી લક્ષ્યને વીંધવાની ક્રિયાને અપ્રમત્ત ભાવે
જો કરાય, તો આત્મા તાણાં રૂપી તન્મયતાને પામે છે.

શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પદનો અર્થ

'નમો' = હું અયોગ્ય છું, તે યોગ્ય થવા માટે નમું છું.

'અરિહંતાણં !' એટલે...

તમે સર્વોત્તમ યોગ્યતાવાળા છો અને

અયોગ્યને પણ યોગ્ય બનાવનારા છો, માટે હું નમું છું.

મનને આત્મામાં વિલીન કરવાની ક્રિયાનું નામ 'ણમો' છે.

'ણમો' એ મનનું ત્રાણ, શરણ તથા આશ્રયસ્થાન છે,

મનરૂપી હંસને વિશ્રાંતિ લેવા માટે કમલની શ્રેણી છે.

મનનું આત્મામાં વિલીન થવું એટલે...

આત્માકાર બની જવું ઉપરાંત

સંકલ્પ-વિકલ્પરહિત થવું, નિર્વિકલ્પ ચિન્માત્ર બની જવું.

આપણા મનની અવળી ક્રિયા છોડાવીને

તેને સવળી ક્રિયામાં જોડવા માટે

એક 'ણમો' પદ જ સમર્થ બને છે.

'ણમો'માં ૐ અરહંવાચક તથા 'ણમો' ત્રાણવાચક છે.

'ણમો ઓં અરહં તાણં !'

## અરિહંત નમસ્કારથી સાધકના આત્મામાં એવા પરમ - પવિત્ર બુદ્ધિ પ્રગટે છે કે:

અયોગ્ય અને અપાત્ર એવા મારા આત્માનો આજ દિવસ સુધીનો વિકાસ યોગ્ય એવા અરિહંત પરમાત્માએ જ કરાવ્યો છે અને હવે પછી પણ મારામાં રહેલી અયોગ્યતાને દૂર કરી જીવનમાં પાત્રતાને વિકસાવી આપનાર અરિહંત પરમાત્મા જ છે, તેથી તેઓ જ મારા માતા, પિતા, બંધુ, નેતા, દેવ, ગુરુ, ધર્મ, મિત્ર તથા પ્રાણ, સત્તા, તત્ત્વ, ગતિ અને મતિ પણ તેઓ જ છે.

નમસ્કાર વડે પરમાત્માના ચરણોમાં સર્વસ્વનું સમર્પણ થાય છે, તેથી સ્વ પાત્રતાનો વિકાસ સહજ બને છે.

આ મંત્ર જીવનવિકાસનો મંત્ર છે, તે કામધેનુ સમાન છે.

જીવનનો વિકાસ થતાં સર્વોત્તમ પાત્રતા પ્રગટે છે.

અધોમુખ પાત્રમાં ગમે તેટલી વૃષ્ટિ પણ નકામી જાય છે, સન્મુખ થયેલું પાત્ર જ પાણીને ગ્રહણ કરી શકે છે. સન્મુખ પાત્ર પણ જેટલું વિશાળ, તેટલું વધારે ગ્રહણ કરે.

'નમો' મંત્ર એ પાત્રને સન્મુખ બનાવે છે અને
'અરિહંતાણં |' એ પાત્રને સાગર જેટલું વિશાળ બનાવે છે.

નમો + અરિહં + તાણં |

'નમો' વડે યોગ્યતા અને યોગ્યતા વડે રક્ષણ.
'નમો' વડે દુષ્કૃતગર્હા, 'અરિહં' વડે સુકૃતાનુમોદના,
'તાણં' વડે શરણાગમન થાય છે.
અરિને હણનારા, યોગ્યતાને આપનારા અને
તે વડે રક્ષણને કરનારા અરિહંત ભગવંતો છે.

આણં + તાણં + પમાણં એટલે...

'આપશ્રી જ રક્ષણ કરનાર છે'
એ વાત મને પ્રમાણ છે, પરિપૂર્ણ રીતે માન્ય છે.
આપના વચનને આજ્ઞારૂપ ગણવાની - એ રીતે વર્તવાની છે.
'નમો' પદથી સ્વીકાર કરાય છે કે 'તે મને પ્રમાણ છે.'
'નમો'નું ઉલટું રૂપ 'ઓં ન' થાય છે.
'ઓં' એ પ્રભુનો સ્વીકાર અને 'ન' એ
સંસાર - સ્વાર્થ - મોહનો નિષેધ, એ અર્થમાં પણ છે.

## નવકારના નવે પદો શેના પ્રતીક છે?

નવકારના પ્રથમ પાંચ પદો ચારિત્રના પ્રતીક છે,
છઠ્ઠું અને સાતમું પદ જ્ઞાનનું પ્રતીક છે તથા
આઠમું અને નવમું પદ શ્રદ્ધાનું પ્રતીક છે.

નવકાર = આત્માનો સ્વીકાર.

નવકાર = નવનિધિ અને અષ્ટસિદ્ધિ દેનાર.

નવકાર = જુનું કાઢી - નવું કરનાર શક્તિ
ચાર ગતિ જુની છે, પંચમી ગતિ નવી છે, તેને આપનાર.

નવકાર = સાચી સ્વતંત્રતા આપનાર.

નવકાર = નવું શક્તિ સમ્યક્ત્વ જીવનને આપનાર.

## શ્રી નમસ્કાર મહામંત્ર શાથી અત્યંત આદરણીય?

સંસારની કોઈપણ વસ્તુ ઉપર શ્રદ્ધા નહિ હોય, તો ચાલશે પણ સંસારથી પર એવા પરમેષ્ઠિઓ ઉપર, તેમની તારકતા ઉપર, નમસ્કાર મંત્ર ઉપર જો શ્રદ્ધા નહીં હોય તો નહિ ચાલે. આ મંત્ર પંચ પરમેષ્ઠિઓની તારકતાનું સતત ભાન કરાવે છે, તેથી અત્યંત આદરણીય છે.

અલભ્યલાભને સાધવા 'નમો' એ અદ્વિતીય સાધન છે.

અર્હન્તઃ શરણં સન્તુ સિદ્ધાશ્ચ શરણં મમ ।
શરણં જિનધર્મો મે સાધવઃ શરણં સદા ॥૧॥

મનોગુપ્તિ દ્વારા અલભ્યલાભ આવો વિચાર જીવને જીવરૂપે કદી ય ન ઓળખી - ન આવકારી શકે.

અન્ય ક્યા સ્તોત્રો પણ નવકાર સ્વરૂપ?

નવકાર એ મહામંત્ર છે તથા ઉવસગ્ગહરં, સંતિકરં, નમિઊણ આદિ સ્તોત્રો પણ નવકાર સ્વરૂપ જ છે. નવપદોને પણ બનાવનાર અને તેમાં શક્તિ પૂરનાર એક આર્હન્ત્ય સર્વવ્યાપી છે, અચિન્ત્ય શક્તિયુક્ત છે.

જેમ શરીરને ટકાવનાર શ્વાસોચ્છ્વાસ છે, તેમ આત્માને ટકાવનાર નવપદ અને નવકાર છે. પ્રાણીમાત્ર ઉપર સ્નેહ અને વાત્સલ્ય વરસાવતાં અરિહંતોને નમસ્કાર કરવાથી નમસ્કાર કરનારમાં મૈત્ર્યાદિ અપૂર્વ ભાવો જાગે છે, જે સર્વ ભાવો પ્રત્યે સમાનતાનો ભાવ ઉત્પન્ન કરી સ્નેહસંબંધ બંધાવનારો થાય છે.

## પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ શા માટે ?

અરિહંત ભગવંતનું સ્મરણ તેમની
અનંત ગુણસંપત્તિનું સ્મરણ કરાવનાર છે.
સિદ્ધ ભગવંતનું સ્મરણ તેમના અવ્યાબાધ સુખનું
સ્મરણ કરાવી પોતામાં લઘુતા ભાવ અલ્પ સુખ અને
અલ્પ ગુણના ગર્વનો અંત કરે છે તથા
સિદ્ધ ભગવંતની ભક્તિના પ્રભાવે
પોતામાં અનંત સુખ પામવાની આશા ઉત્પન્ન થાય છે.
આચાર્ય ભગવંતો - ઉપાધ્યાય ભગવંતો - સાધુ ભગવંતો
દયા અને કરુણાભાવના ભંડાર છે,
તેથી તેમને સ્મરણે નમવાથી માયાશલ્ય નાશ પામે છે.

## ચૂલિકાનું સ્મરણ શું કરે ?

'ધર્મ મંગલ છે, તેથી તેનો સંગ્રહ કરવો જોઈએ,
પાપ દુર્ગતિદાયક હોવાથી તેનો ત્યાગ માનવું જોઈએ'
એવા પ્રકારની મધ્યસ્થભાવ નવકારના
છેલ્લા ચાર પદોનું સ્મરણ કરવાથી આવે છે.

માનવજીવન અમૂલ્ય ભંડાર છે, તેમાં
નવકારના જાપથી શુભ સંસ્કારોનો સંચય થાય છે.

નમસ્કારની ક્રિયા મોક્ષ અપાવે છે, તેમાં
કારણ ભાવશુદ્ધિ અને માર્ગાનુસારિતા રહેલી છે, તે છે.
ભાવશુદ્ધિનું લિંગ માર્ગાનુસારિતા + પ્રજ્ઞાપનાપ્રિયતા છે.
રાગ-દ્વેષ તથા મોહની ઉત્કટતા એ ભાવમાલિન્ય છે,
તેમાં સ્વમતિ અને સ્વબુદ્ધિનો આગ્રહ છે.
તેનું નિવારણ ગુરુપારતંત્ર્ય કેળવવાથી થાય છે.
નમસ્કારની ક્રિયા વડે ગુરુબહુમાન કેળવાતું હોવાથી
ગુરુપારતંત્ર્ય ગુણ સ્થિરતા પામે છે અને અનુક્રમે
ભાવવિશુદ્ધિનું કારણ બની અંતમાં મોક્ષને અપાવે છે.

માનવજન્મ કરતાં શ્રેષ્ઠતર બીજી કોઈ વસ્તુ નથી.
માનવશરીર એ પરમાત્માની પ્રતિમા છે.
શરીર, વચન અને મનમાંથી આત્માની અનંત શક્તિઓ
વિકથા અને વાસનાની ભોગ વ્યર્થ વહ્યાં કરે છે, તેને
સમિતિ-ગુપ્તિના પાલન વડે કાબૂમાં લઈ શકાય છે.

## મહામંત્રનું આરાધન - કરે કર્મનું નિકંદન

કર્મબંધન મન - વચન - કાયા વડે થાય છે.
મન - વચન - કાયા વડે દેવ અને ગુરૂને નમસ્કારરૂપી મહામંત્રનું આરાધન ત્રણે પ્રકારના કર્મોનો નાશ કરે છે.
મનને આત્મા સાથે જોડવું પણ બહાર ભટકતું ન રાખવું.
'મંત્રનું મનન કરવાથી આત્માથી રક્ષણ થાય છે' તેનો અર્થ છે કે: બહાર ભટકતું મન દેવ - ગુરૂના આલંબને સંતુષ્ટ બને છે અને તેથી અતીન્દ્રિય સુખ ઉપજે છે.
પ્રથમ પદના ૭ અક્ષરોનું વિધિપૂર્વક સ્મરણ કરવામાં આવે તો દેવલોકના ઘંટારવ, દિવ્ય સંગીત, દિવ્ય રૂપ, દિવ્ય ગંધ અને દિવ્ય રસનો અનુભવ થાય છે.
અંદર ઊંડા ઉતરીને તેનો અનુભવ લેવા પ્રયત્ન કરવો.
આત્મતત્ત્વને અનુભવવા 'अहं' છોડી अर्हं ને જોતાં શીખો.
'अहं' એ પૃથ્વી છે, 'अर्हं' એ આકાશ છે.

નમસ્કાર સુખમાં લીન ન થવા દે,
ઉપરાંત દુઃખમાં આપણને દીન ન થવા દે.

# શ્વાસ માંહે સો વાર નવકાર

પંચપરમેષ્ઠિ ભગવંતો જીવરાશિ ઉપર અત્યંત અધિક
સ્નેહભાવ ધરાવે છે, તો જીવરાશિનું એ કર્તવ્ય છે કે
તેમના ઉપર સ્નેહ વધારવો જોઈએ.
'અધિક સ્નેહ વિકસાવવો' એનો અર્થ
વારંવાર નમસ્કાર કરવો જોઈએ,
નવકાર ઉપર અધિક સ્નેહ ધારણ કરવો જોઈએ,
એક શ્વાસમાં સો વાર નવકાર ગણતાં શીખવું જોઈએ.
ધાર્મિક કે વ્યવહારિક - કોઈપણ કાર્ય કરતાં
શ્રી નવકાર મહામંત્રને યાદ કરવો જોઈએ.
બધાં કાર્યોમાં સફળતા અપાવનાર તે છે.
શરીરમાં 3।। ક્રોડ રોમ - રૂંવાડા છે.
એક શ્વાસ લેતાં 3।। ક્રોડ રોમ શ્વાસ લે છે.
આત્મામાં અસંખ્ય પ્રદેશ છે, એક જ નવકાર ભાવથી
ગણતાં અસંખ્ય પ્રદેશ છે, તે સર્વમાં નવકાર ગણાય છે.
એનો અર્થ એવો થાય કે:

એક જ નવકારમાં ૫ શરીરની દૃષ્ટિએ ૩॥ ક્રોડ અને
આત્માની દૃષ્ટિએ અસંખ્ય પદ (નવકાર) ગણાય છે.

આવા અનંતાનંત નવકારને ગણતાં
આત્માના પ્રદેશે - પ્રદેશે નવકાર વ્યાપી જાય છે.
સમયે સમયે થતાં ભાવમરણથી
આત્માને એક નવકાર પણ બચાવી લેવા સમર્થ છે.
ભાવમરણ અટકાવીને અજરામર પદની પ્રાપ્તિ થાય છે.
જેમ શ્વાસ લેતાં દેહનો પ્રાણ ટકે છે,
તેથી તે પ્રાણ દેહથી પણ અધિક પ્રિય લાગે છે અને
તે અટકી જતાં મરણતુલ્ય દુઃખ અનુભવાય છે,
તેમ આત્માનું ભાવમરણ અટકાવનાર અને
અજરામર પદ આપનાર નવકારનું વિસ્મરણ -
એ મહાવિપત્તિને આપનાર અને નવકારનું સ્મરણ
પરમ સંપત્તિને આપનાર છે, એમ માનવું જોઈએ.
નવકાર કુંભકમાં ગણવો જોઈએ. પંચ પરમેષ્ઠિનું વિશ્વ
ઉપર પ્રભુત્વ છે, વિશ્વનું પંચપરમેષ્ઠિ ઉપર પ્રભુત્વ નથી.

## પાંચ નમસ્કારથી પાંચ આચારની શુદ્ધિ

અરિહંત નમસ્કાર વડે જ્ઞાનાચારની,
સિદ્ધ નમસ્કાર વડે દર્શનાચારની,
આચાર્ય નમસ્કાર વડે ચારિત્રાચારની,
ઉપાધ્યાય નમસ્કાર વડે તપ આચારની અને
સાધુ નમસ્કાર વડે વીર્યાચારની શુદ્ધિ થાય છે.

## પાંચ નમસ્કારથી પાંચ મહાવ્રતોની શુદ્ધિ

અરિહંત નમસ્કારથી અહિંસાવ્રતની શુદ્ધિ,
સિદ્ધ નમસ્કારથી સત્યવ્રતની શુદ્ધિ -
(સત્ય એ જ ભગવાન છે, સત્યનો જ સદા વિજય છે),
આચાર્ય નમસ્કારથી અચૌર્યવ્રતની શુદ્ધિ,
ઉપાધ્યાય નમસ્કારથી બ્રહ્મચર્યવ્રતની શુદ્ધિ અને
સાધુ નમસ્કારથી પરિગ્રહવિરમણવ્રતની શુદ્ધિ થાય છે.

પાંચ મહાવ્રત લેવા એટલે...
પાંચ મોટા પાપથી સર્વથા, અટકવું.
તેના ધારકને નમસ્કાર કરવાથી તે તે વ્રતની શુદ્ધિ થાય.

નવકાર મંત્ર = પરાજિત મહામંત્ર.

બાકી સૂત્રોનો અભ્યાસ તે સ્વાધ્યાય અને
નવકારનો અભ્યાસ તે પરમ સ્વાધ્યાય.

કર્મબંધન પ્રાયઃ મનથી જ વધુ થાય છે.
મનથી બંધાયેલું કર્મ મનથી નાશ પામે છે,
વચનથી બંધાયેલું કર્મ વચનથી નાશ પામે છે અને
કાયાથી બંધાયેલું કર્મ કાયાથી નાશ પામે છે.

પ્રભુવંદન દ્વારા કાયાથી બંધાયેલાં કર્મ નાશ પામે છે,
સ્તુતિ દ્વારા વચનથી બંધાયેલાં કર્મ નાશ પામે છે
અને સ્મરણ દ્વારા મનથી બંધાયેલાં કર્મનાશ પામે છે,
માટે જ નવકારનું સ્મરણ સતત રાખવું.

'નમો' રૂપી ચાવી વડે
ગુણરત્નોના બધા ખજાનાઓ ખુલી જાય છે.

મંત્ર વડે મનનું અને પવનનું આત્મા સાથે
ઐક્ય સધાય છે અને આત્મા તેના મનન દ્વારા
ગુરુ તથા દેવતા સાથે ઐક્ય કરી લે છે.

# પરસ્પર અનુસ્યૂત નમસ્કાર

સાધુ નમસ્કારમાં ઉપાધ્યાયનો નમસ્કાર,
ઉપાધ્યાય નમસ્કારમાં આચાર્યનો નમસ્કાર,
આચાર્ય નમસ્કારમાં અરિહંતનો નમસ્કાર અને
અરિહંત નમસ્કારમાં સિદ્ધનો નમસ્કાર રહેલો છે.
ઉપરાંત સિદ્ધ નમસ્કારમાં પાંચેને નમસ્કાર,
પાંચે નમસ્કારમાં સિદ્ધ નમસ્કાર રહેલો છે.
'એકના નમસ્કારમાં પાંચનો નમસ્કાર અને
પાંચના નમસ્કારમાં એકનો નમસ્કાર'
એમ પરસ્પર અનુસ્યૂત છે.
પૂર્ણ નમસ્કારમાં પાંચે નમસ્કાર રહેલાં છે.
ફળની પ્રાપ્તિ પૂર્ણ નમસ્કારથી છે.
પ્રભુનાં નામ કે રૂપમાં બહુ ફળ આપવાની જે શક્તિ
રહેલી છે, તે તે નામથી સૂચિત જે ભાવભગવંત છે,
તેમનામાં રહેલી શક્તિનો જ ચમત્કાર છે.

અમૃતક્રિયાનાં લક્ષણો : ભાવવૃદ્ધિ, વિસ્મય, પુલક, પ્રમોદ.

જાપના ૩ પ્રકારોના દૃષ્ટાંત - જાપમાં અનંત શક્તિ

ભાષ્ય જાપ હાથથી ફેંકેલા પત્થર સમાન છે,
ઉપાંશુ જાપ ગોફણમાં ચઢાવીને ફેંકેલા પત્થર સમાન અને
માનસ જાપ બંદુકમાંથી છોડેલી ગોળી સમાન છે.

નવકારના મંત્રાક્ષરો ક્યારે ચૈતન્ય બને ?

મંત્રના ૬૮ અક્ષરો સાથે વિધિયુક્ત ધ્યાનના બળે
અભેદપ્રણિધાન થાય, ત્યારે તે ચૈતન્ય બને છે.

મંત્રોનો સંબંધ મનશક્તિ સાથે છે,
મનશક્તિ સાત્ત્વિક ચિત્તમાં રહે છે.

રજો-તમોગુણ નાશથી ચિત્તમાં સત્ત્વગુણ ઉદય પામે છે.

સાત્ત્વિક ચિત્તવાળાને જ સર્વ પ્રશસ્ત સિદ્ધિઓ વરે છે.

જાપ આદિ કરતા પદ - અર્થ - શબ્દની શુદ્ધિ થાય છે.
તે શુદ્ધ થાય, ત્યારે મધ્યમાદિ દિવ્ય વાણીઓમાં પરિણમે.
જેમ મંત્રદૃષ્ટા ઋષિઓ રજોગુણ - તમોગુણથી રહિત
હોય છે, તેમ સાધક પણ સત્ત્વગુણી હોવો જોઈએ,
તો જ તેને મંત્ર શીઘ્રપણે ફળ આપે છે.

## નમસ્કાર એટલે...

નમ્રતા, વિનય, વિષયવૈરાગ્ય, અંતર્મુખ પરિણામ,
નિરભિમાન - નિરાગ્રહ - અંતરાત્મવૃત્તિ અને ધર્માનુરાગ.
નમસ્કાર એટલે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મનું કારણ.
જે નમસ્કારને સમજે, તે ચૌદ પૂર્વના રહસ્યને સમજે છે,
જે ચૌદ પૂર્વના રહસ્યને સમજે, તે નમસ્કારને સમજે છે.
મંત્રનું માહાત્મ્ય શાસ્ત્રથી જ સમજાય છે.
'નમસ્કારને અંતરના ઊંડાણમાં ચિન્તવવો' એટલે
અત્યંત નમ્રતાવાળા બનવું અર્થાત્ ધર્મની અત્યંત
પ્રશંસા-અનુમોદના તથા પાપની અત્યંત ગર્હાવાળા બનવું.

## ભાવનમસ્કાર એટલે...

પોતાની જાતને દુષ્કૃતવાળી માનવી, જગત બધાને
દુષ્કૃતમાંથી છોડાવનાર ઉપકારી માનવા, જગતના ઉપકારની
પ્રશંસા કરવી અને પોતાના અપકારની નિન્દા કરવી.
આરાધનાનો અધ્યવસાય એટલે દુષ્કૃત ત્યજવાનો અને
સુકૃત કરવાનો અધ્યવસાય, એ જ નમ્રતાની નિશાની છે.

# પંચ પરમેષ્ઠિનું સ્મરણ

પંચ સૌગંધિત તાંબૂલના સેવન રૂપ છે.

ચુનો, કાથો, તજ, લવિંગ, એલચીની જેમ
અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુના ગુણોનું
સ્મરણ જ આત્માને ગુણોથી સુવાસિત કરી દે છે.

તે કારણથી સૂતાં, જાગતાં, ઉઠતાં,
ખાતાં, પીતાં, જતાં, આવતાં, ચરતાં, ફરતાં ઈત્યાદિ
સમયે જીવનના મુખકમળમાં તેનું રટણ કરવું જોઈએ.
તેનું વિસ્મરણ મનથી પણ ન કરવું જોઈએ તથા
મનથી સ્મરણ અને મુખથી રટણ ચાલુ રાખવું જોઈએ.

આ પ્રતિજ્ઞા શુભ ભાવની પૂરક છે કે:
'મારે જન્મજન્માંતર જૈન મુનિની સેવા કરવી.'

જૈન મુનિ ન મળે, ત્યારે પણ જૈન પ્રત્યે
સદ્ભાવ, લાગણીવશતા, ભોગ આપવાની ધગશ,
જૈનને સમાધિ આપવાની વૃત્તિ,
જિનાજ્ઞાપાલનની ધગશ વગેરેથી શુભ ભાવો પોષાય છે.

ત્રિસંધ્ય ૭ - ૮ - ૯ નવકાર ગણવાનું વિધાન છે પણ
નવકાર પ્રત્યે આદર તો ક્ષણવાર પણ છોડવો નહિ.
એકેક નવકારનો કાયોત્સર્ગ પણ ખાસ
ધ્યાનસાધના માટે જ ન હોય, તેમ નવદલકમલ ચિન્તવન,
માનસસૃષ્ટિમાં જ નવપદ - નવકાર આદિના
ધ્યાન - ધારણાદિ કરાય છે, ચોક્ક એને રોજ ને રોજ
કરતાં કરતાં અનાયાસે જ અભ્યાસ પડી જાય છે.
અરિહંતનો શબ્દ જેમ દ્રવ્યથી મંત્રના વર્ણોનું અને
ભાવથી આત્મસ્વરૂપનું આત્મજ્ઞાન કરાવે છે,
તેમ અરિહંતનું નામ પણ આત્મજ્ઞાનનું કારણ છે.
નામ નામીની સાથે સંબંધ ધરાવે છે.
નામી અરિહંત સકલ વિશ્વથી જોડાયેલા છે, તેમ સૌના
આત્મા સાથે પણ જ્ઞાન અને કરુણાથી જોડાયેલા છે.
તેમનું નામ વડે થતું સ્મરણ સહેલાઈથી
આત્મજ્ઞાન કરાવે છે, વિશ્વ સાથે આત્મૌપમ્યભાવથી
જોડે છે તથા આત્મા સાથે અભેદભાવ ઉત્પન્ન કરે છે.

શ્રી નવકારની આરાધના = આત્મભાવની આરાધના.

શ્રી નવકારના જાપજન્ય તરંગો હૃદયરૂપી ગગનમંડળમાં
અતિગંભીર, સ્થિર અને શુભ વાતાવરણ સર્જે છે.

વિશ્વના ગૂઢતમ રહસ્યોની ચાવીઓ નવકારમંત્રમાં છે.

તેના આરાધકમાં દ્રવ્ય-ભાવ ઉભય સંયમ જોઈએ.

આહારનો સંયમ = હિત, મિત, પથ્ય, નીતિપૂર્વકનું ભોજન.
વિચારનો સંયમ = સ્વાર્થ, હિંસા, વિષયના વિચારોનો નિરોધ.
ઉભય સંયમ આવશ્યક જ નહિ પણ અપરિહાર્ય છે.

શ્રી નવકાર આત્માની નજીક લઈ જનારો મંત્ર છે.
તે સર્વ પાપનો નાશ કરનાર અક્ષરમંત્ર છે.

શ્રી નવકાર શાશ્વત સુખ આપનાર પરમ મંત્ર છે.
તેની પાસે સંસારના તુચ્છ સુખો ઈચ્છવા, તે
ભર્યા ભાણે ભૂખ્યા ઉઠવા જેવું અથવા
ચક્રવર્તી પાસે જઈ એક નવા પૈસાની ભીખ માંગવા જેવું છે.
સર્વવિરતિધર પંચ પરમેષ્ઠિઓ પાસે
નાશવંત સુખોની માગણી એ ગિરિશિખરનો ટોચ ધ્યાં

પછી તળેટી અથવા ખીણમાં ગબડવા જેવું છે, સમ્રાટ પાસે જઈ શિરચ્છેદનો પ્રસ્તાવ મૂકવા સરખું છે અથવા નંદનવનમાં જઈને કેસુડાંના ફૂલની શોધ કરવા સમાન છે.

શ્રી નવકારમંત્ર દ્વારા પરમારાધ્ય શ્રી

પંચ પરમેષ્ઠિ ભગવંતો સાથે જે એકરૂપતા સધાય છે, તે અહં નથી, મનની ક્ષુદ્ર વૃત્તિઓને ઓગાળી નાંખે છે. અહં - મન અને રાગ - દ્વેષની વૃત્તિઓથી મુક્ત થવું, એ જ શ્રી જિનેશ્વરોની આજ્ઞા છે. શ્રી નવકાર મંત્રની આરાધના દ્વારા તે આજ્ઞા સક્રિય બને છે. નવકારની સાધના અભવ્યને પણ નવગ્રૈવેયક પર્યંત અને ભવ્યને મોક્ષ રાજલક્ષ્મીના અગ્ર ભાગે લઈ જાય છે.

કર્મની, દુઃખની, પાપની, જન્મની અને મરણની પરંપરાને તોડવા માટે નવકાર મંત્ર છે, નહિ કે કર્મ, દુઃખ, પાપ, જન્મ કે એક જન્મના જ મરણને તોડવા માટે. કર્મના અનુબંધને તોડનાર નવકારમાં ૐ રૂપે વિશ્વની પંચ પરમેષ્ઠિમય સર્વશ્રેષ્ઠ મહાશક્તિ બિરાજમાન છે.

નમસ્કારથી મૈત્ર્યાદિ ચાર ભાવોને પોષીને
આત્માનું ભાવઆરોગ્ય કરનાર ચાર કષાયોનો અંત
એક જ નમસ્કાર વડે આવે છે.

અરિહંતનમસ્કાર ચાર પ્રકારના શુભ ભાવોને જગાવે છે
તથા મૈત્રીભાવ વિકસાવી ક્રોધકષાયનો નાશ કરે છે.

સિદ્ધને નમસ્કાર પ્રમોદભાવ વિકસાવી
માનકષાયનો નાશ કરે છે, વળી સંતોષગુણને વિકસાવી
માધ્યસ્થ્યભાવ દ્વારા લોભકષાયને દૂર કરે છે.

આચાર્ય ભગવંતોને નમસ્કાર કરુણાભાવ દ્વારા
સરળતાને વિકસાવીને માયાકષાયનું નિવારણ કરે છે.

ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર
માર્દવ - નમ્રભાવ વિકસાવી માનકષાયનો નાશ કરે છે.

સાધુપદ કે જેમાં આચાર્ય-ઉપાધ્યાય-સાધુનો સમાવેશ છે,
તેઓને નમસ્કાર માયા - માન - ક્રોધકષાયનો નાશ કરે.

સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર મુખ્યત્વે
મૈત્રીભાવ વિકસાવી ક્રોધકષાયને દૂર કરે છે.

ચૂલિકાના છેલ્લા ચાર પદ મધ્યસ્થભાવ વિકસાવી છેલ્લા લોભકષાયનો નાશ કરે છે. પ્રણિધાનપૂર્વક વારંવાર પંચ નમસ્કાર કરવાથી મૈત્ર્યાદિ ચારે ભાવો પરાકાષ્ઠાને પામી આત્માને અજરામર પદ અપાવે છે, તેથી તે ભાવોને અમૃતની ઉપમા છે.

એ દૃષ્ટિએ નવકાર એ આત્માનો સ્વભાવ છે, પ્રાણીમાત્રનો ભવ્યસ્વભાવ છે, ભવ્યસ્વભાવને પોષનાર છે, સમગ્ર વિશ્વને સંજીવન કરનાર સ્નેહનું અમૃત છે અને જીવોના જીવનજીવનને વિકસાવનાર છે.

પાંચ પરમેષ્ઠિઓ પાપરહિત છે, એટલે તેમનો નમસ્કાર આપણને પણ પાપરહિત બનાવે છે. પાપભીરુતા જેના અંતરમાં પ્રગટેલી છે, તેને નવકાર ગણવામાં ચિત્તની એકાગ્રતા સહજપણે જ આવે છે. ભય પામેલો જે રીતે બચાવનારનું શરણ શોધે છે, તેથી પણ અધિક તીવ્રતાથી પરમેષ્ઠિનું શરણ શોધનાર તેમને નમસ્કાર કરવા ઉદ્યુક્ત રહે છે.

## 'નમો' પદની અનુપ્રેક્ષા

નમસ્કાર બે પ્રકારે થાય : દ્રવ્યથી અને ભાવથી.

(a) દ્રવ્યનમસ્કાર એટલે...

ગાત્ર સંકોચી નમનની અંજલિબદ્ધ અવસ્થા,
વચન સંકોચી પદોચ્ચારણમાં પ્રતિબદ્ધતા અને
મન સંકોચી નમસ્કરણીયના ગુણોમાં એકાગ્રતા.

(b) ભાવનમસ્કાર એટલે...

અશુભ ભાવોથી મનને સંકોચી શુભ ભાવમાં પ્રતિબદ્ધ કરવું.
એ ચિન્તન નજર સામે જાણે સાક્ષાત હોય,
હાર્દિક - પ્રતીતિવાળું હોય, પરમ સંવેગનું કારણ હોય,
તથા રાગાદિ મોહનાં બંધનને કાપનારું હોય !

## 'અરિહંતાણં' પદની અનુપ્રેક્ષા

અરિહંત કેવા સ્વરૂપવાળા હોય ?

અષ્ટ-પ્રાતિહાર્યની મહાપૂજા સમેત હોય, ત્રણ ગઢયુક્ત સમવસરણના મધ્ય ભાગમાં દેવનિર્મિત સુવર્ણ સિંહાસન ઉપર બિરાજિત હોય, ૯ સુવર્ણકમળ ઉપર પદપદ્મને

મૂકીને ચાલતાં હોય, દેવ-દેવેન્દ્રોથી પરિવરિત હોય,
કેવળજ્ઞાનરૂપી ભાસ્કરથી સકલ લોકને પ્રકાશિત કરતાં હોય,
ધર્મદેશના દેતાં હોય ઇત્યાદિ સ્વરૂપે ચિન્તવવા.
એ ચિન્તવનથી વિશિષ્ટ ધર્મ સ્પષ્ટ થાય છે અને
વિષય-કષાયના બંધનો શિથિલ થાય છે.
તપ્પુત્તિયા અરહંતા । અર્હન્તિ: અર્હન્તા,
અરિહંતપણું યા અરિહંતશબ્દ વચનપૂર્વક હોય છે.
ભાવનમસ્કાર છ આવશ્યકોમાં પ્રાણ પૂરનાર ઇત્યાદિ,
કિન્તુ છ આવશ્યકરૂપ ન ઇત્યાદિ.
નમસ્કાર એ ધર્મપ્રશંસારૂપ અને દુષ્કૃતગર્હારૂપ છે.
હૃદયમાં દુષ્કૃત પ્રત્યે ગર્હાભાવના અને
સુકૃત પ્રત્યે અનુમોદનાભાવના, એ નમસ્કાર ભાવ છે.
અર્હત હોય, ત્યાં જ આનંદ છે.
શબ્દકોશમાં આનંદનો પ્રતિપક્ષી કોઈ શબ્દ છે નહિ.
એ કલ્પના કરી જુઓ કે...
જો અરિહંત ન હોત, તો જગતનું શું થાત?

## નવકારની સાધના ક્યારે લાગુ પડી કહેવાય ?

નવકાર પોતે પુણ્યનું ઉપાર્જન કરવાની અને
પાપનો ક્ષય કરવાની અચિન્ત્ય શક્તિ ધરાવે છે.
પોતાના દુઃખ કરતાં બીજાનાં દુઃખ વધારે ખટકે
અને પોતાના સુખ કરતાં બીજાને સુખ વધુ ઈચ્છે,
ત્યારે સમજવું કે નવકારની સાધના
યોગ્ય રીતે થઈ રહી છે અને પોતાને લાગુ પડી છે.

નવકાર ધર્મમય છે.

જેમ શેરડી ગમે ત્યાંથી ચાખો, ત્યાં મીઠાશ રહેલી છે,
તેમ તેના પ્રત્યેક અક્ષરમાં ધર્મ ભરેલો છે.

## અરિહંતોને સિંહની ઉપમા કેમ ?

અરિહંતોમાં અસાધારણ - વિશિષ્ટ ગુણો જેવા કે:
કર્મરૂપી શત્રુઓ પ્રત્યે શૌર્યવાળા, ધ્યાનમાં નિશ્ચલ,
કર્મોનો ઉચ્છેદ કરવામાં ક્રૂરતાવાળા, તપકર્મમાં વીર,
પરિષહો પ્રત્યે અવજ્ઞા, ઉપસર્ગો પ્રત્યે નિર્ભય, ઇંદ્રિય
વર્ગથી નિશ્ચિંત, સંયમમાં અવિશ્રાંત હોવાથી સિંહ જેવા છે.

## અરિહંતોને વારંવાર નમસ્કાર શાથી ?

દેખાવમાં લાગતી અહિંસા પણ હિંસા હોઈ શકે અને
દેખાવમાં લાગતી હિંસા પણ અહિંસા બની શકે.
આઠ અને મદ, રાગ અને દ્વેષ, કામ અને ક્રોધ તથા
તેને ઉત્પન્ન કરનાર મોહકર્મ એ જીવોનો દુશ્મન છે.
કર્મશત્રુઓનો નાશ કરવા છતાં સર્વ અરિહંતો પરમ
અહિંસક છે, પરમ પૂજ્ય છે, તેને વારંવાર નમસ્કાર.
ન્યાયથી પણ એક મોટી વાત છે અને તે દયા.
જ્ઞાનથી પ્રારબ્ધ કર્મ ટળતાં નથી, પરન્તુ એને લીધે
દુઃખને સમતાથી સહન કરવાની શક્તિ આવે છે.
જે કર્મ થઈ ચૂક્યું છે,
તેનું ફળ સમતાથી ભોગવી લેવું જોઈએ. કરુણા, પ્રેમ
અને ભક્તિના ઉત્કર્ષથી પણ સિદ્ધિઓ થાય છે.
જીવમૈત્રી તથા જિનભક્તિ ઉપર જિનશાસનના મંડાણ છે.
'જિનધર્મ'માં નવકાર એ ભક્તિસ્વરૂપ છે અને
સામાયિક એ મૈત્રીસ્વરૂપ છે.

'નમો' મંત્રનું તાત્પર્ય એ જ છે કે:

ધ્યાન નાદ - જ્યોતિનું, મૌન મન - વચન - કાયાનું હોય.

'નમો અરિહંતાણં |' પદમાં

નમો = મૌન, અરિહંતાણં = ધ્યાન. મૌન વડે ધ્યાન.

ધ્વનિ જ્ઞાન આપે, દીપ દર્શન કરાવે, સદાચાર સુવાસ અર્પે.

ઘંટ વડે શ્રુતજ્ઞાન, દીપ વડે સમ્યગ્દર્શન તથા
શીલસુગંધ વડે સદાચાર નિર્મલ થાય છે.

'નમો' એ આધ્યાત્મિક ભૂખ ઉઘાડવાની ક્રિયા છે.
'અરિહંતાણં |' પદ વડે તે ભૂખ લાગે છે.

નમસ્કાર એટલે...

હાથ, પગ, મસ્તકાદિના સંકોચ વડે પોતાની ન્યૂન દશાને પ્રકટ કરવાવાળો એક પ્રકારનો વ્યાપાર - ચેષ્ટાવિશેષ.

પંચપરમેષ્ઠિ નમસ્કાર = જડથી ચેતન તરફ લઈ જાય તે.

આત્માને જ્યાં સુધી જડ આત્માથી પરસ્વરૂપે લાગે છે, ત્યાં સુધી આપણે સ્વીકારવું પડે કે તેનો નમસ્કાર એ તેના પોતાના સ્વાર્થને માટે જ હતો.

# તમારો સાચો જન્મદિવસ કયો ?

જેમ ગામમાં મંદિર અને ગૃહમાં પૂજાસ્થળ, તેમ દેહમાં હૃદયરૂપી આસનને વિષે પ્રભુને પધરાવી તેનાં નામ - ગાનથી સુસજ્જ રાખો. પ્રભુ તમારી અંદર જ છે. અજ્ઞાન, મોહ, અહંકારના આવરણોથી ઢંકાઈ ગયેલ એ પરમચૈતન્યને નિયમબદ્ધ અને પ્રેમસભર નવકારના નામસ્મરણોથી જાગૃત કરો. 'તમે સૌ અમૃતપુત્રો છો, તમને સૌને પરમાત્મમિલનનો હક છે.'

જે ક્ષણે આ ભાવના જાગૃત થાય, તે ક્ષણ જ તમારે માટે પરમ - પવિત્ર નવજીવનની શરૂઆત છે, તે દિવસ જ તમારો સાચો જન્મદિવસ છે અને એ જ આત્મસાક્ષાત્કારની ઘડી છે.

મોક્ષમાં જતા આડે આવતાં ૧૩ કાઠિયા નવકારથી ભાગે:

(૧) આળસ (૨) મોહ (૩) અવિનય (૪) અભિમાન (૫) ક્રોધ (૬) પ્રમાદ (૭) કૃપણતા (૮) ભય (૯) શોક (૧૦) અજ્ઞાન (૧૧) વિકથા (૧૨) કૌતુક (૧૩) વિષય.

'અરિહંત' એટલે જેનામાં આર્હન્ત્ય છે તે.

'આર્હન્ત્ય' એટલે પરમ સામ્ય - મહાનંદ જેનામાં છે તે.

નવકારથી કઈ રીતે સધાય મનોગુપ્તિ ?

નવકારથી મિથ્યાત્વમોહનીય નાશ પામે છે,

જ્ઞાનનો સદુપયોગ થાય છે,

વિશુદ્ધ લેશ્યાને ઘનિષ્ઠ કરનારું ધ્યાન થાય છે

અને મનનું સંકલ્પ - વિકલ્પોથી રક્ષણ થાય છે,

તેથી મનોગુપ્તિ સધાય છે.

પ્રણિધાનાદિ આશયપૂર્વક થતી સાધનામાં

પાંચે પરમેષ્ઠિઓની આરાધના થાય છે.

પ્રણિધાન - સાધુપદ. પ્રણિધાનનો હેતુ મંગલ છે.

પ્રવૃત્તિ - ઉપાધ્યાયપદ. પ્રવૃત્તિનો હેતુ અભિધેય છે.

વિઘ્નજય - આચાર્યપદ. વિઘ્નજયનો હેતુ સંબંધ છે.

સિદ્ધિ - સિદ્ધપદ. સિદ્ધિનો હેતુ પ્રયોજન છે.

વિનિયોગ - અરિહંતપદ. વિનિયોગનો હેતુ અધિકારી છે.

અર્હદાદિ પાંચ છે, તેમાં ગુણો રહે છે.

## પંચ પરમેષ્ઠિ આપણા માટે શું કરે છે?

(1) અરિહંતો અર્થને કહે છે. ગણધરો સૂત્રને રચે છે.

(2) આચાર્યો અર્થને કહે છે.

(3) ઉપાધ્યાયો સૂત્રને ભણાવે છે.

(4) સિદ્ધ ભગવંતો સ્વયં અર્થરૂપ છે.

(5) સાધુ ભગવંતો સૂત્રાર્થ વડે અર્થને સાધે છે.

## નમસ્કારનું મુખ્ય પ્રયોજન મોક્ષ

ગૌણ પ્રયોજન ઉપપાતદ્વારા તથા લબ્ધિલબ્ધિની વૃદ્ધિ, અનંતર પ્રયોજન તે પાપનાશ - મંગલાગમન અને મોક્ષ એ પરંપર પ્રયોજન છે.

ક્રિયા કર્યા પછી મળે, તે ફળ છે.

નમસ્કારનું પ્રયોજન મોક્ષ છે, ફળ સ્વર્ગાદિ છે. પાપનાશ અને મંગલ નમસ્કારાનંતર થાય છે, માટે પ્રયોજન છે. આ લોકમાં અર્થ - કામાદિ અને પરલોકમાં સિદ્ધિ - સ્વર્ગાદિ પરંપર ફળ છે.

અભિરતિ એટલે અનુકૂળતા વડે આનંદનો અનુભવ.

## નમસ્કાર એટલે ધર્મધ્યાનનું વપન

દોષોનો ત્યાગ કરવો જ ધર્મશાસ્ત્રોનું ધ્યેય યા સાધ્ય નથી, કિન્તુ દોષના અનુબંધનો વિચ્છેદ કરવો અને ધર્મનો અનુબંધ પાડવો, એ ધ્યેય છે.

અનુબંધ વિચ્છેદમાં કારણ રાગ, શ્રદ્ધા, ભક્તિ છે અને સુકૃતનો અનુબંધ પણ રાગપૂર્વકના શ્રદ્ધા અને ભક્તિ વડે જ પડી શકે છે.
એને જ 'ધર્મધ્યાનનું વપન' કહેવાય છે.

નમસ્કાર દ્વારા સમજાય છે કે મોક્ષના બે જ માર્ગ છે:
વિષયોમાંથી વૈરાગ્ય અને આત્મા તત્ત્વનું અવલોકન.

'નમો'ની બહાર સત્નું અસ્તિત્વ નથી,
અરિહંતની બહાર ચિત્નું અસ્તિત્વ નથી તથા
શરણાગતિની બહાર આનંદનું અસ્તિત્વ નથી.

'ઉપરવાળો' એવું વિશેષણ વાપરીને
કોઈએ પણ પરમાત્માની મર્યાદા ન બાંધવી, એ તો
અંદરવાળો પણ છે અને સર્વત્ર નિવાસી પણ છે જ.

## 'નમો' તથા 'અરિહંતાણં' પદનું માહાત્મ્ય

'નમો'થી પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચક્ખાણની આરાધના
તથા 'અરિહંતાણં' પદ વડે સામાયિક, ચતુર્વિંશતિસ્તવ
અને ગુરુવંદનની સાધના થાય છે.

'નમો' આત્મપક્ષ છે, 'અરિહંતાણં' એ આત્મસ્વરૂપ છે.
સામાયિક વડે સમાધિ અને પ્રતિક્રમણ વડે શુદ્ધિ છે.
'નમો અરિહંતાણં' પદ શુદ્ધિપૂર્વક સમાધિ મેળવવા
માટે સમર્થ છે. 'નમો' વડે ગ્રન્થિભેદ થાય છે અને
'અરિહંતાણં' પદ વડે ઇચ્છાનો છેદ થાય છે.
'નમો' વડે નિર્ગ્રન્થતાની ઉપાસના થાય છે અને
'અરિહંતાણં' વડે વીતરાગતાની ઉપાસના થાય છે.
'નમો' મિથ્યાત્વની ગાંઠને ભેદે છે અને 'અરિહંતાણં'
ઘાતીકર્મના પહાડને ભાંગે છે - ચૂરેચૂરા કરી મૂકે છે.
નમો = આસ્રવત્યાગ, અરિહંતાણં = સંવરનું સેવન.
શ્રી નવકાર મંત્ર જ્યારે નાદ રૂપે પરિણમે છે, ત્યારે
પરમાનંદનો અનુભવ થાય છે, જે મંત્રનું તાત્ત્વિક રૂપ છે.

નવકારના પ્રત્યેક અક્ષરે ૧૦૦૮ દેવોનું અધિષ્ઠાન છે,
તેથી તે દેવતાધિષ્ઠિત પણ છે અને
નવકારના અડસઠ અક્ષરો સ્વયં મંત્રસ્વરૂપ છે,
તેથી મંત્રાત્મક - દેવતાસ્વરૂપ પણ છે.
સત્ત્વસંપન્ન અને વિપ્રકૃષ્ટ તપના કરનારા
સુમુનિઓના મુખમાંથી નીકળેલાં વચનો મંત્રસ્વરૂપ બને.
એવું નવકારમાં જ ગર્ભિત રીતે
સામાયિક, ચઉવિસત્થો, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ
અને પચ્ચક્ખાણ - એમ ૬ આવશ્યકો ગુંથાયેલા છે.
આ પંચસૂત્રની ગૂઢ વસ્તુ નવકારમાં કઈ રીતે ?
નમસ્કાર મંત્રમાં દુષ્કૃતગર્હા રૂપી જળ છે,
સુકૃત અનુમોદના રૂપી વસ્ત્ર છે અને
શરણાગમન રૂપી આત્માને શોભાવનાર અલંકાર છે.
નવકાર ત્રિભુવનનો સાર છે, જગમાં તેનો જોટો નહિ.
અડસઠ તેના અક્ષરો છે, ચોસઠ તેના શબ્દો છે અને
મંગળ રૂપ તેના નવ પદો છે, જેમાં મોક્ષનું વચન છે.

## શ્રી નમસ્કાર મહામંત્ર - શ્રેષ્ઠ મંત્ર કેમ?

જે ઇષ્ટદેવનો મંત્ર હોય,
એની કક્ષા જેટલી ઊંચી હોય, એટલો એનો મંત્ર ઊંચો.
શ્રી નવકાર મહામંત્ર એ પંચ પરમેષ્ઠિનો મંત્ર છે.
પ્રથમ પરમેષ્ઠિ વીતરાગ સર્વજ્ઞ અરિહંત,
બીજા નિરંજન - નિરાકાર સિદ્ધ પરમાત્મા અને
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ ભગવંતો નિષ્પાપ, અહિંસક.
તેમની તોલે આવે, એવા ઇષ્ટ બીજા નહિ, માટે
એમનો મંત્ર એ વિશ્વમાં શ્રેષ્ઠ મંત્ર છે.
નવકાર સમસ્ત પાપોનો નાશક, પ્રથમ કોટિનું મંગળ છે.
એની સાધના કરવી, એ જ આ જીવનનો સાર છે.
નવકારનાં મૂળ અને ફૂલ - ઉભયમાં સમાયેલાં છે.

## બારાક્ષરીના ૩૨ અક્ષરોનું માહાત્મ્ય

'નમો' વડે મન-વચન-કાયા અરિહંત સાથે જોડાય છે.
શ્રી નવકાર મહામંત્ર અને તેનો સઘન અર્થ
આપણી બારાક્ષરીના ૩૨ અક્ષરોમાં સમાઈ જાય છે.

# પંચપરમેષ્ઠિ નમસ્કારનું માહાત્મ્ય

પાપનું મૂળ સુખ છે અને સુખના સાધનોમાં રાગ છે
તથા દુ:ખ અને દુ:ખનાં સાધનોમાં દ્વેષ છે.
દ્વેષનો અભાવ થાય, તો પાપનો નાશ થાય.
નવકારના પ્રથમ બે પદોમાં તે સિદ્ધ થયેલ છે.
અરિહંત અને સિદ્ધમાં વીતરાગતા છે તથા
રાગ-દ્વેષનો અભાવ સિદ્ધ થયેલ છે, તેથી તેમને કરવામાં
આવતો નમસ્કાર રાગદ્વેષનો નાશ કરવામાં સમર્થ છે.
પ્રથમ બે પદમાં રાગ-દ્વેષનો સર્વથા અભાવ છે, પછીના
ત્રણ પદમાં રાગદ્વેષથી મુક્ત થવાની સતત સાધના છે,
તેથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો નમસ્કાર પણ
મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, પ્રમાદ, કષાયરૂપી પાપનો
નાશ કરે છે, પાપનાશ કરવાની બુદ્ધિ પેદા કરે છે.
પાપનાશથી વિઘ્નમાત્રનો વિનાશ થાય છે અને
તે જેનાથી થાય છે, તે મંગળોનું પણ મંગળ છે.
મૌન જાપ ફલસિદ્ધિનું કારણ છે.

## 'નમો' એટલે 'અહં'થી 'અર્હં' પહોંચવાની યાત્રા

'નમ' વડે 'મન'નો અંત આવે છે અને મનનો અંત આવવાની સાથે અહંનો પણ અંત આવે છે અર્થાત્ આપણો 'અહં' નાશ પામે છે અને આપણું શુદ્ધ આત્મસ્વરૂપ 'અર્હં' પ્રગટ થાય છે.

'નમો' એ સ્વયંનું વિસર્જન કરે છે અને 'વયં'નું સર્જન કરે છે. તે વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં લઈ જાય છે, પછી અરિહંતાણં વડે પરમેષ્ઠિમાં લીનતા કરી શકાય છે.

સ્વયંમાં જે અહંકાર છે, તે સંસાર છે અને અહંકાર ગયા પછી જે 'વયં'ની અવસ્થિતિ છે, તે સદ્‌ભાવના રૂપ છે, જે સ્વસ્વભાવમાં જવા માટેનું દ્વાર બને છે. 'નમો' પદ દ્વારા અરિહંતોની સ્તુતિ - કીર્તન થાય છે. એ મન વડે થતું દાન હોવાથી સર્વશ્રેષ્ઠ છે અને તે દાન જ્યારે સર્વશ્રેષ્ઠ પાત્રોને અપાય છે, ત્યારે દુઃખ અને દારિદ્ર્ય માત્રનો નાશ કરે છે. મનને વિશુદ્ધ કરવા 'નમો' મંત્ર સર્વશક્તિમાન છે.

## 'નમો' વડે સિદ્ધપદની પ્રાપ્તિ

'નમો' વડે દુષ્કૃતની નિંદા થવાથી ભૂતકાળના પાપ નાશ પામે છે, સુકૃતાનુમોદન થવાથી વર્તમાનમાં શાંતિ મળે છે અને અરિહંતાદિનો વિનય થવાથી ભાવિ સુધરે છે. પ્રાંતે કેવળજ્ઞાન અને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

'નમો' ભાવ વડે મનનું દાન થાય છે.

ધનના દાન સાથે મનનું દાન ન હોય, તો તે શોભતું નથી.

મનોનાશ 'નમો' મંત્ર વડે સહજ બને છે, તેથી 'નમો' એ મોક્ષનું સાક્ષાત્ સાધન છે.

'નમો' એ વિનયસ્વરૂપ હોવાથી ધર્મનું ભાજન છે.

વિનય એ ભાજન - પાત્રતા છે તથા જ્ઞાન એ જળ છે.

જળ વિના અજ્ઞાનમેલ જાય નહિ અને વિનયરૂપી ભાજન વિના જ્ઞાનરૂપી જળ ટકે નહિ, તેથી નમો મંત્ર જ્ઞાનાદિ સર્વ સદ્ગુણોનું ભાજન બને છે.

નમો = મનનું મારણ, અરિહંત = તનનું તારણ,

આણં = દિલનું વારણ.

આમ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પદમાં જ
આપણા મનનું તારણ - વારણ - મારણ સમાયેલ છે.

નમો = વિનય - અભ્યંતર તપ.

અરિહંત = સર્વોત્કૃષ્ટ અહિંસા અને દયા.

આણં = સંયમ, પ્રભુની આજ્ઞાનું આરાધન.

અરિહંત ન હોય તો અરિહંતની આજ્ઞા પણ ન હોય.
અરિહંતઆજ્ઞા ન હોય, તો સમ્યક્જ્ઞાન પણ ન હોય.
બધાનું મૂળ અરિહંત પરમાત્મા જ છે.
જો સમ્યગ્જ્ઞાન ન હોય, તો સમ્યગ્દર્શન અને
સમ્યક્ચારિત્ર ન હોય અને તે જો ન હોય,
તો સદ્ગતિ અને મોક્ષનાં સુખ પણ ન હોય.
જગતમાં જેટલી સારભૂત વસ્તુઓ છે,
તે બધાનું મૂળ અરિહંત પરમાત્મા છે, તેથી
તેમનું સ્મરણ તો પ્રત્યેક ક્ષણે ક્ષણે હોવું જરૂરી છે.
અરિહંતનું સ્મરણ જ્યારે પ્રાણનો પણ પ્રાણ બને છે,
ત્યારે આપણો જીવ કૃતકૃત્ય બને છે.

## પરમ ભદ્રંકર છે નવકાર

'કર્મનો બોજો ઉતારવાનો સુંદરમાં સુંદર અને
સહેલામાં સહેલો ઉપાય એ નવકાર છે.'
આ વિચારથી પણ ઘણો બોજો ઉતરી જાય છે.
નવકાર જેને મળ્યો, તે કર્મના બોજથી હળવો બને.
નવકાર મંત્રના સ્મરણની સાથે એમાં શું ભરેલું છે,
તેના વર્ણનો પણ ચાલતાં જ રહે.
નવકાર મંત્રમાં જે છે, તે જો સમજાય તો જગતમાં
સારું ગણાતું બધું જ એની દૃષ્ટિમાં તુચ્છ બની જાય.
આખો સંસાર અને એના ગણાતાં સુખો
વિષય-કષાયના ઝેરથી ભરેલાં છે.
જગતમાં જે કાંઈ છે, તે બધો રોગ છે અને
નવકારમાં જે છે, તે બધું રોગરહિત આરોગ્ય છે.
નવકારમાં જે છે, તે બધું સદ્ગતિમાં લઈ જનાર છે,
સંસારમાં જે કાંઈ છે, તે બધું દુર્ગતિમાં લઈ જનાર છે.
નવકાર એ અરિહંતની ભક્તિનું જ પ્રતીક છે.

નવકારનો જાપ એ માટે કરવાનો છે કે:

નવકારમાં જે છે, તે બધું મને મળે અને
એમાં જે નથી, તે બધું છૂટી જાય તથા
હું એમના સહિત પંચ પરમેષ્ઠિ જેવો થાઉં.

નવકાર ગણનારને 'નવકારમાં શું ભર્યું છે?'
તે જાણવાની ઇચ્છા હોય જ અને
જાણીને તે મેળવવાની પ્રબળ ઇચ્છા હોય જ.

અરિહંતની આરાધના જ મોક્ષપ્રાપ્તિ કરાવે તથા અરિહંતની
આરાધના જ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ બની શકાય.

'આપવું એ જ સુખ છે, તેમ લેવું એ પાપ છે'
એમ ન માનીએ, તો નવકાર ન સ્પર્શે.

'લેવું એ બંધન છે - બરબાદી છે અને
આપવું એ જ સુખ છે' એ નિશ્ચય હોવાથી જ
નયસારના ભવમાં વીર પ્રભુ સમકીત પામ્યાં હતાં.

લેવાની ઇચ્છામાત્ર પાપ છે,
બીજાને આપવાનો પ્રયત્ન તે ધર્મ છે.

નવકાર = અહંકારને નમવું નહિ તે. બીજાની આશા રાખવી, તે તો ભિખારીપણું છે, માટે સ્વાશ્રયી બનો. દેવ-ગુરુ પાસે પણ કંઈ માંગવાની ઇચ્છા ન રાખો,

તેમની સેવા કરો ચરણે આપોઆપ મળશે.

નમવા યોગ્યને નમવું, સમગ્ર વિશ્વવંદનીય, નમસ્કારને યોગ્ય છે, એમ માનીને નમ્ર રહેવું, તે ભાવનમસ્કાર છે.

કાળ અનાદિ છે, જીવ અને જિનધર્મ પણ અનાદિ છે. નમસ્કાર મહામંત્ર અનાદિકાળથી ભણાતો આવ્યો છે, અનંતકાળ સુધી ભણાશે અને એ ભણનાર તથા ભણાવનારનું અનંત કલ્યાણ કરશે.

નવકાર મંત્ર દ્વારા નાસ્તિકતા, નિરાશા અને નિરુત્સાહતા નાશ પામે છે તથા નમ્રતા, નિર્ભયતા અને નિશ્ચિંતતા પ્રાપ્ત થાય છે. નવકાર મંત્રમાં પોતાની કર્મબદ્ધ અવસ્થાનો સ્વીકાર થાય છે, અરિહંતોની કર્મ-મુક્ત અવસ્થાનું ધ્યાન થાય છે તથા કર્મમુક્તિના ઉપાયસ્વરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું આરાધન થાય છે.

નવકાર અને કરેમિ ભંતે મળીને અનુક્રમે
યોગોની વિશુદ્ધિ - યોગોની સ્થિરતા થાય છે.
અશુદ્ધિ મટે છે નવકારથી અને
ચંચળતા મટે છે કરેમિ ભંતેના પ્રતિસાદથી.
દૂધની મલાઈ હલકી છે અને માવો ભારે છે,
નવકાર દ્વાદશાંગીની મલાઈ છે, સામાયિક માવો છે.
ચારિત્રરૂપી માવો પચાવવા નવકાર એ પાચકચૂર્ણ છે.
નવકારના ગર્ભમાં ભક્તિ - કરેમિ ભંતેના ગર્ભમાં વૈરાગ્ય છે.
આ નવકાર મંત્રમાં સ્થાન પામવા સાધુપણું જોઈએ.
સાધુપણું પામીને સ્વાધ્યાય અને સંયમમાં લીન
બનનારાં જ સાચા ઉપાધ્યાય અને આચાર્ય બની શકે.
અરિહંતપણું પણ ભવસાધુપણાં વિના આવે જ નહિ.
સિદ્ધપણું પણ ભવસાધુપણાંથી જ આવે.
નવકાર ગણનારને તો સાચું મૂલ્ય સાધુપણાંનું જ હોય.
ઇંદ્ર, અહમિન્દ્ર કે ચક્રવર્તીપણું પણ
સાધુપણાંની આગળ તુચ્છ છે, અસાર છે, અવાંછનીય છે.

નવકારનો સાચો મહિમા હૃદયમાં વસ્યો ક્યારે ગણાય?

નવકારમાં જે છે, તેનો મહિમા મનમાં વસવો જોઈએ.
પાંચ પરમેષ્ઠિઓમાં જે છે, તે સિવાયનું
બીજું કાંઈ જ ગમે નહિ, ત્યારે નવકાર ગમ્યો ગણાય.
સમ્યગ્દૃષ્ટિ ઈંદ્રો અસંખ્યાત તીર્થંકરોનો મહિમા કરે છે
અને અસંખ્યાતાને મોક્ષે જતાં જુએ છે, ત્યારે પોતાના
ઇંદ્રપણાંને અંતરાયભૂત માનીને જે ખિન્ન થાય છે,
તેનું નામ ભાવથી નમસ્કારને પામ્યાં ગણાય.

નમસ્કાર સૌ રોગોને મૂળમાંથી નાશ કરવાની દવા છે.

દ્રવ્યનમસ્કાર એટલે કાયાને નમ્ર બનાવવી અને
ભાવનમસ્કાર એટલે મનને નમાવવું, અહંકાર મૂકવો.
નમ્ર કાયા - નમ્ર ભાવ, ઉભયથી થાય તે નમસ્કાર સાચો.

નમસ્કાર એટલે...

'જે કાંઈ સારું - નરસું બની રહ્યું છે,
તે પ્રભુઆજ્ઞાની આરાધના અને વિરાધનાનું ફળ છે'
એવા અટલ શ્રદ્ધાપૂર્વક આત્માને સમર્પણાપૂર્વક રહેવું તે.

શ્રી સંઘનું અસ્તિત્વ
અરિહંતના આધારે છે અને સિદ્ધપદની પ્રાપ્તિ પણ
અરિહંતની આજ્ઞાપાલનના આધારે જ છે.
સિદ્ધ અને સંઘની વચ્ચે સાંકળ રૂપ અરિહંતપદ છે.
આચાર્ય, ઉપાધ્યાય, સાધુની જ્યોતિ પણ અરિહંતના આધારે છે.
વિશ્વમાં જેટલી સદ્વસ્તુઓ છે,
તેના સર્જક શ્રી અરિહંતપદ અને પરમાત્મા જ છે.
જેણે સંસારના પરિભ્રમણથી બચવું હોય,
તેણે શરણું અરિહંતાદિ ચારનું જ છે.
અરિહંતને સેવે, તે બધા સિદ્ધ અવશ્ય થાય,
પરન્તુ અરિહંત બનારાં થોડાં જ હોય.
તે માટે સ્વભાવસિદ્ધ યોગ્યતા જોઇએ.
સંસારમાં સૌથી શ્રેષ્ઠ પદ અરિહંત પદ છે,
સિદ્ધપદ તો સંસાર છૂટ્યાં પછી છે.
સાધુપણાંના પાલનમાંથી જ
ઉપાધ્યાય, આચાર્ય, સિદ્ધ, અરિહંતાદિ પદો છે.

આ સંસારમાં ઊંચામાં ઊંચા જેટલાં પદો છે, તેમાં અરિહંતપદ સૌથી ઊંચું છે. અરિહંતને સેવે, તે અરિહંતપદને પામે જ, એ નિયમ નથી પણ સિદ્ધપદને તો અવશ્ય પામે, એ નિયમ છતાં ભવ્યજીવને એવી ઇચ્છા હોય કે અરિહંત થઈને સિદ્ધ થવાય તો સારું.

અરિહંતની સેવામાં સર્વસ્વ સોંપવાની વૃત્તિ જે ક્ષણે ઉત્પન્ન થાય, તે સર્વોત્કૃષ્ટ ક્ષણ છે.

જે ચીજ વધારે ગમે, તે મેળવવાની ઇચ્છા થાય જ.

અરિહંતપણું પામવા પહેલાં સાધુપણું અને અરિહંતપણું પામ્યાં પછી સિદ્ધપણું હોય જ, એટલે નવકાર ગણનારના હૃદયમાં જેમ અરિહંતપણું વસે, તેમ સિદ્ધપણું અને સાધુપણું પણ વસે જ.

નવકાર ગણે, એને એમ થાય જ કે ક્યારે હું સાધુપણું પામું, અરિહંતપણાને પામું, સિદ્ધપણું પામું? અને ક્યારે હું મને મળેલાં બધાં સાધનોને સિદ્ધપણું અને અરિહંતપણું બનવાના સાધનો બનાવું?

સિદ્ધપણું એ અરિહંતપણાંનું પણ ફળ છે તથા
સાધુપણું એ અરિહંતપણાંનું પણ મૂળ છે, તેથી જેને
અરિહંતપદ ગમે, તેને સિદ્ધપદ - સાધુપદ અવશ્ય ગમે.

ત્રિભુવનભાનુ જગદાર્ક ગુણનો અને પુણ્યનો -
એમના ઉત્કર્ષનો પ્રકર્ષ હોય, તો તે અરિહંતપદમાં છે.

જગતમાં જેટલાં ઉપકારીઓ અને
એમનો ઉપકાર આપણાં ઉપર છે,
તે બધા કરતાં પણ વધુ મોટો ઉપકાર કોનો?
શ્રી અરિહંતોનો. એ ઉપકાર શાથી થઈ શકે?
ગુણ અને પુણ્ય - ઉત્કર્ષ હોય તો જ.

અરિહંતો જે ગુણો પામે, તેમાં પ્રધાનતા
નિમિત્તની નહિ પણ તેમની યોગ્યતાની જ હોય છે.

અરિહંતોએ શાસન પણ એવું સ્થાપ્યું કે જે કોઈ
એને અનુસરે, તે અરિહંત - સિદ્ધ અને સાધુ જ થાય.
સંસ્કારી જૈન કુળમાં જન્મ અને નવકારમંત્રની પ્રાપ્તિ-
એ અસાધારણ પુણ્યોદય અને કર્મલઘુતાની સૂચક છે.

નવકારમાં મુખ્યતા અરિહંતપદની છે અને અરિહંતપદ
એ સિદ્ધપદ અને સાધુપદની સાથે સંબંધ ધરાવે છે.
અરિહંતપદ એ સાધુપદને સિદ્ધપદ થવામાં માધ્યમ છે.

સાધુપદ એ નાદસ્વરૂપ ગણીએ,
તો સિદ્ધપદ એ કલાસ્વરૂપ છે અને
મધ્યમાં અરિહંતપદ એ બિન્દુના સ્થાને છે અથવા
અરિહંતોનું શાસન એ બિંદુ,
આચાર્ય - ઉપાધ્યાય તથા સાધુપદ એ નાદ અને
અરિહંત અને સિદ્ધપદ એ કલાસ્વરૂપ છે.

'નમો અરિહંતાણં ।' પદમાં
'નમો' વડે gratitude પ્રગટ થાય અને
'અરિહંતાણં' પદથી Grace મળે છે.

પ્રથમ પદ એટલે Grace through gratitude.
આ જ 'નમો અરિહંતાણં ।' પદનો ગૂઢ અર્થ છે.

નવકારથી મતિ-લેશ્યા સુધરે છે, તેથી સદ્ગતિ મળે છે.
શ્રદ્ધા અને શુદ્ધિપૂર્વક નવકારનો જાપ કરવો જોઈએ,

તેમાં મનઃશુદ્ધિ અગત્યની છે તથા પરધન - પરસ્ત્રીનો ત્યાગ તથા 'આત્મવત્ સર્વભૂતેષુ'નું વર્તન હોવું જરૂરી છે. નવકારમાં કર્મ તથા આત્મવિજ્ઞાનનો સાર સમાવિષ્ટ છે. કર્મનો વિચાર રૌદ્રધ્યાનનું નિવારણ કરે છે અને આત્મવિજ્ઞાન દ્વારા આત્મવિચારથી આર્તધ્યાન ટળે છે.

'નમો' શબ્દની ઉત્પત્તિની પાછળ
કર્મના પ્રાબલ્યનો વિચાર છે અને
'અરિહંતાણં'ના ઉચ્ચારની પાછળ આત્મશક્તિ અને
આત્માના અચિંત્ય સામર્થ્યનો સ્વીકાર છે.

'નમો' વડે ૩ કરણ, ૩ યોગ, ૭ ધાતુ, ૧૦ પ્રાણ,
૩॥ ક્રોડ રોમ અને અસંખ્યાત પ્રદેશ
પરમાત્મામાં સ્થિર કરવા માટે નમાવી દેવામાં આવે છે,
તેમાંથી પ્રકૃતિનું નવું સર્જન થાય છે અને
પ્રકર્ષપણે નવી નવી ક્રિયાઓનો જન્મ થાય છે.

નમો = gratitude, અરિહંતાણં = grace.
નમો = Turning towards the Divine.

ચૈતન્યરૂપી મહાસાગરનું કેન્દ્ર અરિહંતપદ છે.
સિદ્ધપદ અને આચાર્ય - ઉપાધ્યાય - સાધુ :
એ અરિહંતોની જ પૂર્વોત્તર અવસ્થાઓ છે,
એટલે કૃપાસાગર તો અરિહંતો જ ગણાય.

જગતમાં ચૈતન્યનો જે અંશ નિત્ય ઉઘાડો છે, તેના સાથે સંબંધમાં આવવા 'નમો અરિહંતાણં ।' પ્રયોગ છે. શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસપૂર્વક 'નમો' પદ દ્વારા તે કેન્દ્રનો માનસિક યા આધ્યાત્મિક સંબંધ થતાંની સાથે જ સકલ પાપકર્મોનો વિધ્વંસ થાય છે અને
સકલ મંગલોનું માંગલ્ય ખેંચાઈ આવે છે,
એ યુક્તિનું ફળ અનુભવમાં પણ આવે છે.

°

નમો is a turning point.
I turn to the centre of my being.
Here is perfect peace.
Here is a perfect bliss.

નમસ્કાર કરનારની કિંમત નમસ્કારથી છે.

નમસ્કાર એ વીંટી છે, અરિહંત એ હીરો છે.
હીરાના બદલે જો કાચ જડેલો હોય,
તો તે વીંટીની કિંમત કાચ જેટલી જ છે. નમસ્કાર
અરિહંતને છે, તેની કિંમત અનંત હીરાથી પણ અધિક છે.
ધર્મનું પ્રવેશદ્વાર નમસ્કાર છે. નહીં નમવામાં કૃપણતા છે,
કિન્તુ નમવામાં ઔદાર્ય અને દાક્ષિણ્ય બંને છે.
ધર્મક્રિયા વડે જે પુણ્યનો બંધ - પાપનો ક્ષય થાય છે,
તેમાં પ્રભાવ પંચ પરમેષ્ઠિઓનો છે.
સુખમાં સેવા અને દુઃખમાં પ્રભુસ્મરણ કર્તવ્ય છે.
પુણ્યના ફળની ઇચ્છાથી થતું પુણ્ય પાપાનુબંધી છે,
કર્મક્ષયના હેતુથી થતું પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય છે.
જાણવાલાયક જેટલી વસ્તુઓ છે, તે બધી નમસ્કારરૂપી
આગમમાં આવી જાય છે અને જોવાલાયક જેટલી પણ
વસ્તુઓ છે, તે સૌ પ્રભુની પ્રતિમામાં આવી જાય છે.

અરિહંત પરમાત્મા ભૂતકાળના મહાઉપકારી છે અને
ભવિષ્યમાં પણ અનંત ઉપકારી બનનાર છે, તેથી
તેમનાં દર્શન - પૂજન કરવાં એ તો પરમ કર્તવ્ય છે.

તીર્થંકરપણું ઐશ્વર્ય ભોગવવા નહિ, પરંતુ
કર્મપીડિત જગતનો ઉદ્ધાર કરવા માટે ઈચ્છવાનું છે.

તીર્થંકરોની ભક્તિ અવિનાશી છે,
નવકાર બોધિરૂપ છે અને સામાયિક સમાધિરૂપ છે.

શ્રી નવકાર મંત્ર એ 'મહામંત્ર' એટલા માટે છે કે
એનાથી મિથ્યાત્વ - વિષય - કષાયનું ઝેર ઉતરી જાય છે.

નવકાર મહામંત્રના સ્મરણના પ્રભાવે
દુઃખનો ડર જતો રહે છે અને પાપનો ડર લાગે છે.

નવકારનું પ્રથમ પદ અને એની સાધના -
એ કુંડલિની જાગરણનું જ સોપાન છે.

નવકારના કરણે અપેક્ષાએ આ સંસાર
મોક્ષથી પણ અધિક છે, કેમકે મોક્ષમાં સુખ છે, પરંતુ
એ સુખ જેના દ્વારા મળે છે, તેની જ ભક્તિ નથી.

નવકાર દુઃખનાશક - સુખપ્રાપક છે, એટલું જ નહિ,
કિન્તુ નવકાર મહામંત્ર તો મોક્ષસાધક પણ છે.
નવકાર ગણનારને સુખ મેળવવામાં એટલો રસ નહિ,
જેટલો ભગવાનનો ધર્મ મેળવવામાં છે.
ધર્મ સાથે ન હોય, તો સુખ પણ દુઃખનું કારણ છે,
ધર્મ સાથે હોય, તો દુઃખ પણ પરમસુખનું કારણ છે.
નવકાર ગણનારને સુખ નહિ, દુઃખની સાથે એટલી
નિસ્બત નહિ, જેટલી ભગવાનના ધર્મની સાથે છે.
એનું સ્વરૂપ પંચ પરમેષ્ઠિ, મુક્તિ અને તેનો માર્ગ છે.

## નમસ્કાર મંત્રનું અંતિમ રહસ્ય

જેને મોક્ષ સાધવો છે, તેને વિશ્વની સર્વ વસ્તુઓ
ઉપકારક છે, એવી વૃત્તિ ઉત્પન્ન થવી, તે છે.

## મંત્રના કેટલાં અક્ષર હોય?

બીજમંત્ર = ૯ અક્ષર સુધી હોય છે,
મંત્ર = ૧૦ થી ૨૦ અક્ષર સુધી હોય છે અને
માલામંત્ર = ૨૦ થી વધારે સંખ્યાવાળા હોય છે.

૫ લાખ વાર લખવાથી ગણે તે મંત્ર સિદ્ધ થઈ જાય છે.

નૌકાજાપ કેટલા વાર કરવાનો હોય છે?

નવ ક્રોડ, નવ લાખ, નવ હજાર, નવસો અને નવ વાર.

જેમ સમુદ્રમાં અહર્નિશ ગર્જન થતું રહે છે,

તેમ આપણા મંદ અવાજની નિયમિત ગતિથી વાયુમંડળમાં

એક પ્રકારનો અનાહત નાદ સતત ગુંજતો રહે છે.

મંત્રના અક્ષરો એ મંત્રદેવતાનો દેહ છે અને તેમાં

જે શક્તિ રહેલી છે, તે મંત્રદેવતાનો આત્મા છે.

ભગવાનના અસ્તિત્વનો કે સ્વરૂપનો પાકો નિર્ણય

નામસ્મરણમાં જોડાયા પછી જ થાય.

મંત્રના ત્રણ વિભાગ હોય છે:

પ્રત્યક્ષ - પ્રકૃતિ, આકૃતિ અને ધ્વનિ.

'નમો' પદ વ્યાપક છે...

વિનય, ભક્તિ, બહુમાન, વિસ્મય, પુલક તથા પ્રમોદનું.

વરદાન માંગવું હોય, તો એક જ માંગવું કે:

'આપના નામનો મને કદી પણ વિયોગ ન થાઓ.'

મહામંત્ર એ શબ્દ બ્રહ્મ છે.

અત્યંત પ્રભાવશાળી અને અનેક કાર્ય કરનાર મંત્રને 'મહામંત્ર' કહેવાય છે. તેમાં વિશ્વની રક્ષા કરનારી મહાશક્તિ છુપાયેલી હોય છે. તે શક્તિ સર્વત્ર, સર્વ-શક્તિમાન સર્વવ્યાપી અજરઅમર સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

'મંત્ર કેમ ફળતો નથી?' આ પ્રશ્નનો ઉત્તર
'શબ્દ અને સુરતી' વચ્ચે અંતર પડ્યું છે, તે છે.
વૈખરીમાં જ્યારે પરાનો સાચો સ્પર્શ થાય છે,
ત્યારે ઋષિ-મુનિઓના કંઠે મંત્ર ઝરે છે.
નાદ એ વૈખરીમાંથી મધ્યમામાં, મધ્યમામાંથી પશ્યંતીમાં
અને પશ્યંતીથી પરામાં લઈ જાય છે,
જ્યાં અલખ-અગોચર પ્રભુ લખગોચર બને છે.
સમ્યક્ એક 'નમો' પદ વડે
વૈખરી, મધ્યમા અને પશ્યંતી - અહીં વાણીનું
મૌન અભિપ્રેત છે અને માત્ર પરાવાણીમાં જવાનું છે,
તેનું જ નામ 'આત્મારામતા' છે.

# ચિત્ત નિર્મળ કરવા મહામંત્ર જાપ

મહામંત્રનું સ્મરણ ચિત્તની સર્વ મલિન વાસનાઓનું માર્જન કરે છે. દાનથી અહિંસા, પૂજનથી સંયમ અને મહામંત્રના સ્મરણ - ધ્યાનથી તપનો લાભ થાય છે.

મહામંત્રના જાપથી પાપ કરવાની રૂચિનો નાશ થઈને ધર્મ કરવાની રૂચિ પ્રગટે છે.

'નમે તે ભગવાનને ગમે.'

કેવળ ધર્મ પામવાની બુદ્ધિથી નમસ્કાર થાય, તો જ તે સાચો નમસ્કાર ગણાય.

પરમેષ્ઠિપદોનું વાસ્તવિક બીજ અરિહંતપદ છે.

જેમ પાણીમાં કાંઈ ઓગળી જાય છે, તેમ સત્સંગથી મનુષ્યનું મન ઈશ્વરીય વિચાર, ઈશ્વરીય ભાવ, ઈશ્વરીય ઐશ્વર્યમાં એક થઈ જાય છે.

દિવ્યભાવનામાં એ રીતે સ્થિત થઈ જવાથી જેટલા વખત છોડ ઉપરથી ફૂલ તોડવામાં લાગશે, તેટલા વખતમાં જ આત્મસાક્ષાત્કાર કરી શકશે.

નવપદજીની ભક્તિ આવશ્યક છે, કેમકે...

અરિહંતો ઉપકારના ભંડાર, સિદ્ધો સુખના ભંડાર, આચાર્યો સદાચારના ભંડાર, ઉપાધ્યાયો વિનયના ભંડાર, સાધુઓ સહાયના ભંડાર, દર્શન સદ્ભાવનાઓનો ભંડાર, જ્ઞાન સદ્વિચારોનો ભંડાર, ચારિત્ર સદ્ગુણોનો ભંડાર તથા તપ એ સંતોષનો ભંડાર છે.

નવપદજીની ભક્તિ એ પુણ્યનો ભંડાર અને નવકારનો સાર પાપમાત્રનો એ તિરસ્કાર છે.

મંત્રની પૂર્વે તાર (ૐ), માયા હ્રીં અને રમા (શ્રીં) બીજ લગાડીને ૧૦૮ વાર જાપ કરતાં દીપન સંસ્કાર થાય છે.

સાધક પણ પંચ પરમેષ્ઠિ રૂપે ક્યારે પ્રતીત થાય ?

સાધક આત્મસાધનામાં પ્રવૃત્ત થાય, ત્યારે સાધુ બને છે, ઉપાધિ દૂર કરી આત્મઅધ્યયન કરે, ત્યારે ઉપાધ્યાય બને, જ્ઞાનાદિ આચારમાં પ્રવર્તે, ત્યારે આચાર્ય બને છે, ઘાતી કર્મને હણે, ત્યારે અરિહંત બને છે અને અઘાતી કર્મને પણ હણે, ત્યારે સિદ્ધસ્વરૂપ બને છે.

નવકાર એ ગંગાજળ છે, તેમાં ઝીલનારના પાપપંક
ધોવાઈ જાય છે. નવકારમાં દુષ્કૃતગર્હારૂપી જળ છે,
સુકૃતાનુમોદનારૂપી વસ્ત્ર, શરણાગમનરૂપી આભરણ છે.
મનરૂપી વસ્ત્ર રોજેરોજ વિષય-કષાયરૂપી ધૂળમાં
રગદોળાય છે, તેથી મેલું થાય છે. તેને ધોવાની ક્રિયા ય
નિરંતર થવી જોઈએ. નવકારનું સ્મરણ કરતી વખતે
વિષય-કષાય ઉપર વિજય કરનારનું ધ્યાન થાય છે,
તે અંતઃકરણરૂપી વસ્ત્રને ધોવા નિર્મળ જળનું કામ કરે છે.
શ્રદ્ધા = પ્રભુએ કહેલાં ધર્મનું સેવન કરવાનો અભિલાષ.
જેને નમીએ, તે જે વસ્તુ પામ્યાં હોય, તેના અભિલાષા
હોય તો ભાવનમન, અન્યથા ભાવથી નમન ન ગણાય.

નવકાર ગણનારમાં સિદ્ધપણું અને સાધુપણું
મેળવવાની અભિલાષા હોય, એટલું જ નહિ પણ
અરિહંતને નમનારમાં અરિહંતની જેમ
અનેક જીવોને નહિ પણ
સર્વ જીવોને મોક્ષે લઈ જવાની અભિલાષા ય હોય જ.

# નવકારજાપથી શું મળે ?

નવકારથી શાંતિ - તુષ્ટિ - પુષ્ટિ મળે છે, તેનું કારણ:
દુષ્કૃતગર્હા વડે શાંતિ - સુકૃતાનુમોદના દ્વારા તુષ્ટિ
અને શરણાગમન વડે પુષ્ટિ મળે છે.

જે સારું લાગે, તે સૌ જીવોને પમાડવાની ભાવના
તથા 'હું સુખી થાઉં' એમ નહિ પરંતુ
'સૌ સુખી થાય, તો હું સુખી થાઉં,'
એ ભાવના અરિહંતપણાનું બીજ છે.

આચાર્ય - ઉપાધ્યાય ગીતાર્થ હોઈને દ્વાદશાંગરૂપ
વાણીના તથા તેના સારરૂપ અર્થના ઉપદેશક છે
અને મુનિ સંસારના જીવોને વિવિધ પ્રકારે
પ્રતિબોધ કરીને પાપ અપહારરૂપી સંવરને શીખવે છે.

નવકારનો સાર 'ૐ', અવ્યયરૂપ 'નમો' અને 'સિદ્ધં'
મળીને પંચાક્ષર પંચમંગલ બને છે, તેનો સાર અર્હં છે.

નવકારમંત્રનો મહિમા તે નામસ્મરણનો જ મહિમા છે.
નામ = પ્રભુનો મંગલમય દેહ. મંત્ર = તત્ત્વથી નાદરૂપ.

શરીરને આસનથી અને વચનને મંત્રજપથી બાંધવા.
પ્રકાશમય પાણીને ઘડામાં રાખતાં ત્યાં જ પડ્યું રહે છે,
તેમ પ્રકાશમય મનને મંત્રાક્ષર કે મૂર્તિ પર એકાગ્ર
કરીએ, તો મન ધીમે ધીમે શાંત અને સ્થિર બને છે.

મન, મંત્ર અને પ્રભુ એકરસ બનાવવા જોઈએ.

નવકારનો સાર = ૐ નમઃ સિદ્ધં । તેનો સાર 'અર્હં'.

મોક્ષ કે મુક્તિ એટલે
જીવનું પોતાના અસલ સ્વરૂપનું અનુસંધાન.

નવકારમાંથી એક ભાવ પ્રગટે છે કે:
'બધા મારાં છે, હું બધા જીવોનો ઋણી છું'
એ ભાવમાંથી જીવન સંચાલિત બને છે.

નવકાર મંત્રમાં જગતને જગાડવાની શક્તિ
બીજરૂપે રહેલી છે. નમસ્કાર મંત્ર તૂટતાંને સાંધે છે.
અહંકારને નાશ કરવા નમસ્કારનું ધ્યાન ધરવાનું છે.
જેમ જેમ જગતના જીવોનો ઉપકાર મનમાં વસતો જાય,
તેમ તેમ નમસ્કાર નિર્મળ થતો જાય છે.

શરીરનું ઘર એ આપણું ઘર નહિ,
આત્માનું ઘર જુદું જ છે, ત્યાં પહોંચવા નમસ્કાર છે.
પરમ ઉપકારીને કરેલો નમસ્કાર બધા પાપનો નાશક છે.
અહંકાર જાય તો જ નમસ્કાર આવે.
અહંકાર હોય, ત્યાં મનસ્કાર - મમકાર હોય જ.
એક નમસ્કાર આવે, તો અઢારે પાપ જાય.

V.V. Imp. || નમો અરિહંતાણં ||

બધા શાસ્ત્રો આ (૭) અક્ષરમાં સમાયા છે,
સાત અક્ષર બેમાં અને બે અક્ષર એકમાં સમાયા છે.
બે અક્ષર એટલે અર્હં. એક અક્ષર એટલે ૐ.
'અ'માં બધા સ્વરો અને 'હ'માં બધા વ્યંજનો.
ધર્મ નમસ્કારરૂપ છે અને તે જ મુક્તિએ પહોંચાડે છે.
'નમો'માં નકાર છે, આજ્ઞાપાલનનો ભાવ છે.
પ્રભુઆજ્ઞા સાવદ્યનો ત્યાગ અને નિરવદ્યના સેવનની છે.
જેનામાં ઉપયોગલક્ષણ છે, તે જીવતત્ત્વની અપેક્ષા રાખો
અને જેમાં તે નહિ, તે અજીવતત્ત્વની ઉપેક્ષા કરો.

નમસ્કાર બોલતે એ રીતે વિચારણા કરવી કે:

પ્રભુની મુદ્રા આપણને કેવા રીતે બેસવું, તે શીખવાડે છે, વિનય શીખવે છે. પ્રભુ શરણે આવેલાંને રક્ષણ આપે છે, તેમની પાસે છે, તે બધું જ આપે છે. ભગવાન ક્ષમાના - અનંતજ્ઞાન - અનંતદર્શન - ચારિત્રના ભંડાર છે.

નમો પદ = તત્ત્વપ્રીતિકર - પાણી.

અરિહં પદ = નિર્મળ નેત્રાંજન - તત્ત્વબોધકર.

તાણં પદ = સર્વરોગહર - પરમાન્ન ભોજન.

જ્ઞાનપૂજા કરતાં એવી ભાવના કરવાની હોય છે કે:

અજ્ઞાન હેય છે અને જ્ઞાન ઉપાદેય છે.

નવકાર ગણતાં એવી ભાવના કરવાની હોય છે કે:

પાપ હેય છે અને પુણ્ય ઉપાદેય છે, ધર્મ ઉપાદેય છે.

પ્રભુપૂજા કરતાં એવી ભાવના કરવાની હોય છે કે:

સંસાર હેય છે અને મોક્ષ ઉપાદેય છે.

ગુરુપૂજા કરતાં એવી ભાવના કરવાની હોય છે કે:

ગૃહસ્થાશ્રમ હેય છે અને ચારિત્ર ઉપાદેય છે.

નવકારમાં જે પંચપરમેષ્ઠિઓને નમસ્કાર છે,
તેઓ ઇચ્છા અને મૂર્છારહિત છે. ઇચ્છારહિત અરિહંત
અને સિદ્ધપરમાત્મા છે. તેઓ કૃતકૃત્ય થઈ સિદ્ધ થયેલાં છે.
નવકારના ત્રીજા, ચોથા, પાંચમા પદમાં પ્રતિષ્ઠિત નિર્ગ્રન્થ
મૂર્છારહિત મહર્ષિઓને કરેલો નમસ્કાર મૂર્છારહિત બનાવે.

ઇચ્છા અને મૂર્છા જેઓમાં નિર્મૂળ થઈ છે,
તેઓ જ પૂજાપાત્ર બની પરમેષ્ઠિપદે બિરાજમાન છે.
મોક્ષે જવાની ભાવના નહિ, ત્યાં સુધી અનંતા જીવોની
વિરાધનાનું પાપ આવે છે, મોક્ષનો અભિલાષ જ તે
પાપને રોકી શકે. 'નમો' વડે ત્રણ યોગ - ત્રણ કરણનું
જોડાણ તથા 'અરિહંતાણં ।' વડે આત્માકાર ઉપયોગ
થઈને પરમ વિશુદ્ધિનો અનુભવ થઈ શકે છે.
પંચ પરમેષ્ઠિ ભગવંતોને ભાવથી નમસ્કાર કરવામાં
પાપનો ભાગાકાર, પુણ્યનો ગુણાકાર અને મોક્ષસાધક
ધર્માત્મનો સરવાળો રહેલો છે. રાગ-દ્વેષરૂપી પાપના
નાશના ધ્યેયથી થતો નમસ્કાર તે ભાવનમસ્કાર છે.

અર્હ = લાયક. અર્હં = પરમાત્મસ્વરૂપનો બોધક.

'ૐ અર્હં નમ: |' મંત્રનો ઓછામાં ઓછા ૨૦ હજાર વાર
નિરંતર જાપ કરવો. જેઓ સંપૂર્ણ રીતે લાયક છે તથા
જેનામાં અભાવ લાયકાત જેવું કાંઈ છે જ નહિ,
તેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેને નમસ્કાર કરું છું.
અથવા જેઓ પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થએલાં છે,
તે સર્વે અર્હં છે, તેને નમસ્કાર કરું છું.

પરિણામની વિશુદ્ધિ માટે મંત્રજાપ છે.

જાપને સ્વાધ્યાય - આત્મસ્વરૂપનો અભ્યાસ અથવા
અધ્યયન, શ્રવણ, મનન ને નિદિધ્યાસન કહેવાય છે.

આ નમસ્કાર મંત્ર એટલા માટે મહામંત્ર છે કે:
તે ઈશ્વરા દિવ્ય ધર્મના સાથે ઐક્ય સાધે છે.
It is union with the Divine nature.
આ ઐક્ય આપણામાં એક આરામદાયક શાંત સ્થિતિનો
અનુભવ કરાવે છે. ઐક્ય સધાવાથી વાસના વિલીન થતાં
સર્વ પાપ નાશ પામે, તેથી સૌ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ છે.

પંચમંગળરૂપ આ પંચાક્ષર મંત્ર એ નવકારનો સાર છે.
'ૐ નમઃ સિદ્ધં ।'નો સાર 'અર્હં' છે, જેમાં સરલ રેખા
નાદ છે, બિંદુ એ કલારૂપ અને કલા એ વર્ણરેખારૂપ છે.
વર્ણોમાં સ્વર, વ્યંજન અને વિવિધ વર્ણોરૂપે દેખાય છે.

સાધકે કલારૂપ નિજ શરીરની શક્તિ અનુસાર
બિંદુરૂપ શૂન્યમાં ધ્યાન અવસ્થિત કરી
નાદરૂપ ૐ અર્હંમાં પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ.
ધ્યાનની ઉચ્ચાવસ્થામાં તે નાદ
અનાહત ધ્વનિરૂપે અનુગુંજન કરશે.

ૐ એ નાદરૂપ, નમઃ એ બિંદુરૂપ, સિદ્ધં એ કલારૂપ છે.
'પ્રકર્ષેણ નવઃ કઃ સ પ્રણવઃ ।' જેમાં પ્રચુર નવીનતા છે,
નિત્ય નવું સર્જન કરવાની ક્ષમતા છે, તે 'પ્રણવ' છે.

ૐ એ સિદ્ધબીજ છે,
નમઃ એ બિન્દુ છે, તેમાં ગુણગ્રાહકતા છે,
સિદ્ધબીજનું ૐ વડે વપન કરી, નમનીય અવસ્થા વડે
સીંચન કરી સિદ્ધિપદની પ્રાપ્તિરૂપી ફળ મેળવી શકાય છે.

નવકાર દ્વારા પ્રભુનું નામ સ્મરવાના ચાર પગથિયાં:
નામથી પ્રેમ, પ્રેમથી ભાવ, ભાવથી મહાભાવ અને
મહાભાવથી ભાવાતીત નિત્ય ધામમાં પ્રવેશ.

આવા નામરસાયણનું પાન કરીને જ સંતો સંસારના વેર અને ઝેરને પચાવીને વિરોધ વિસંવાદને મૂળમાંથી મિટાવીને ગાઈ શક્યા છે કે: 'ફૂટે અંડા ભરમ કા...' નામસ્મરણના આ અભ્યાસથી 'આ હું શરીર' એવા દેહની ભાવનાનો છેલ્લો અંશ પણ છેદાઈ જાય છે. 'મન હિ ભઈઉ પરગાસુ' મનમાં પ્રકાશ થઈ જાય છે
કે: 'હું ચિદાનંદમય અવિનાશી આત્મા છું.'

'કાટી બેડી પગહતે' અને એવો ભાવ થાય છે કે:
પગમાં જે જન્મ-મરણની બેડી પડી હતી,
તે સત્ગુરુએ કાપી નાંખી, બંદીવાનને મુક્ત કરી દીધો.

એમ વિવિધ પ્રકારના જીવોમાં એક જ ચૈતન્ય અભિવ્યક્ત થઈ રહ્યું છે, તેમ બધી જાણકારી એક ઓંકાર ભજનમાં - નવકાર મહામંત્રમાં જ સ્થિત છે.

## ચક્ષુમિલનનું પરાક્રમ અર્હં છે.

અર્હંમય નાદ નાભિકમળમાં અવ્યક્ત રૂપે વિદ્યમાન છે.
નાદ અમાત્ર છે, બિન્દુ અર્ધમાત્ર - સેતુ છે અને
કળા એ ત્રિમાત્ર - ત્રિગુણાત્મક સંસાર છે.
એ પ્રકારે નાદ, બિંદુ, કળા બ્રહ્માક્ષર - ઓંકારમય છે.
અવ્યક્ત નાદ જ્યારે અભિવ્યક્ત થવા માંગે છે, ત્યારે
હૃદય સુધી આવે છે, ત્યાં બધા વિકલ્પોને પાર કરી
કંઠે ઘોષ રૂપ પ્રાપ્ત કરી મુખે વ્યક્ત થાય છે.
કંઠ એ બિંદુસ્થાન છે અને મુખ એ કળાનું સ્થાન છે.

વૈખરી વ્યક્ત છે, મધ્યમા વ્યક્તાવ્યક્ત છે,
પશ્યંતી અવ્યક્ત છે અને પરા પરમ અવ્યક્ત છે.

તંત્રશાસ્ત્ર કહે છે કે : પરમાત્માના નામનું ઉચ્ચારણ
જ્યારે બિંદુ સહિત કરવામાં આવે છે, ત્યારે તે સર્વ
કામનાઓની પૂર્તિ કરે છે અને મોક્ષ પણ આપે છે.
ૐ = પ્રકૃતિવાચક અને અર્હં = ઉત્કૃષ્ટતાવાચક છે.
ૐથી આર્ત-રૌદ્રથી છૂટાય, અર્હંથી ધર્મ-શુક્લમાં જવાય છે.

## નમસ્કાર = દાન અને પુણ્ય

બુદ્ધિજીવી વર્ગ પોતાના મુઠ્ઠીભર જ્ઞાનનું ગુમાન લાવી સર્વ ગ્રંથોના પણ આદિ ગ્રંથ, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ શક્તિમાન, અજન્મા, અજર, અમર એવા પરમાત્મશક્તિની ઉપેક્ષા કરી રહેલ છે, તેઓ જ સર્વ જ્ઞાનના આદિસ્રોત સમા શાસ્ત્રોની પણ ઉપેક્ષા કરે છે.

## નમસ્કાર વડે આજ્ઞાનો અનુબંધ પડે છે.

આજ્ઞા આસ્રવની હેયતા અને સંવરની ઉપાદેયતારૂપ છે.

નમસ્કારથી ચિત્તશુદ્ધિ થાય છે, માટે તે અધ્યાત્મ છે.

સામાયિકથી ત્રિકરણ યોગ સુધરે છે, માટે યોગ છે.

અધ્યાત્મથી ચિત્તશુદ્ધિ, યોગથી ચિત્તસ્થિરતા સધાય છે.

'ૐ અર્હં' મંત્રમાં નાદનું મૂળ નામ ૐકાર છે અને જ્યોતિનું મૂળ રૂપ તે અર્હંકાર છે.

ૐકારમાં ગુણનો પ્રકર્ષ છે, અર્હંકારમાં પુણ્યનો પ્રકર્ષ છે.

એ બે જેને મળ્યાં, તેનાં પુણ્યની કોઈ અવધિ નહિ.

આત્માને જોવા-જાણવાનાં શ્રેષ્ઠ સાધનો = સ્તુતિ + મંત્ર.

'જાણવા યોગ્ય નવકાર, કરવા યોગ્ય સામાયિક.'
આથી વિશેષ જો સૌથી વધુ જાણવા યોગ્ય હોય, તે
જાણવામાં - સૌથી વધુ કરવા યોગ્ય હોય, તે કરવામાં છે.
આત્મભાવમાં પરિણમવું, તે દ્વાદશાંગનો અર્થ છે અને
તે જ નમસ્કારનો પણ અર્થ છે.

'પરમાત્મા પોતે જ આત્મભાવમાં પરિણમેલા છે'
એવી અનુભૂતિ કરવી, તે નમસ્કાર છે.

'નમો' એ સાધના છે, 'અરિહંત' એ સાધ્ય છે.

નમો અરિહંતાણં = અરિહંતોને તાત્ત્વિક નમસ્કાર.

નવકારમંત્રના જાપની મધ્યમાં પુલક થવો જોઈએ અને
દરેક જાપના અંતમાં પ્રમોદ થવો જોઈએ,
કે જેનાથી શુભ ભાવની વૃદ્ધિ થાય અને
શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કાળ તથા
વિનયાદિ સાચવીને જાપનું અનુષ્ઠાન કરાય છે, તેથી
ચિત્ત સ્થિરતાને પામે છે અને તે પછી ચિત્ત જ્યારે
ધ્યેયાકારે પરિણમે, ત્યારે તન્મયતા પ્રાપ્ત થાય છે.

નવકારમંત્રના ૬૮ માત્રાના પ્રત્યેક અક્ષર તીર્થ છે:

નવકારના ૭ સંયુક્તાક્ષર ૭ ભય નિવારે છે.

નવકારના ૯ પદ ૯ ગ્રહોનું શમન કરે છે.

નવકારની ૮ સંપદા ૮ કર્મને ભેદે છે.

નવકારની ચૂલિકાના ૪ પદો ૪ ગતિને છેદે છે અને

નવકારના ૫ પદો પંચમ ગતિ આપે છે.

મંત્રરાજનું સ્મરણ સર્વાર્થસાધક,

સર્વ પાપનિવારક અને સર્વ મનોવાંછિતદાયક છે.

જ્યાં પંચ નવકાર, સત્ય અને દયા છે,

ત્યાં ધન, વિજય અને ધર્મ વિદ્યમાન છે.

જે મનોમય રાજ્યમાં મંત્રરાજ બિરાજિત છે,

તેને કદાપિ ઉપસર્ગનો સંસર્ગ થતો નથી.

બાહ્યજગતનું અસ્તિત્વ વિસારીને - મિટાવી દઈને

આંતરજગતમાં જ્યાં સુધી સ્થિર ન થવાય,

ત્યાં સુધી માનવને પરમ શાંતિ કે આનંદ મળતો નથી,

તે માટે નવકારના ધ્યાનની ક્રિયા આવશ્યક છે.

'નમઇ' પદ પણ મૂળ અર્થમાં અને દાન અર્થમાં છે.

તે મૂળ દ્રવ્ય - ભાવસંકોચ રૂપ છે અને
આ દાન સર્વ દાનોમાં શિરોમણિભૂત અને સર્વ પાત્રમાં
શિરોમણિભૂત પાત્ર એવા પરમાત્માને કરવામાં આવે છે,
જેનું જ નામ 'બ્રહ્માર્પણ' યા 'ઈશ્વરાર્પણ' છે.

આપણા જીવને નવકાર ગણવા વિનંતી

'હે જીવ! દુર્લભ એવા પંચ નવકારનું તું સ્મરણ કર.
આ પંચ નવકાર રહિત એવા જીવોએ અનંત વાર
કોડો જન્મ - મરણ પ્રાપ્ત કર્યાં છે, પરંતુ યમરાજને
નાશ કરનાર આ પંચ નવકારને પ્રાપ્ત કર્યો નહિ.
તે મારા હૃદયપટને વિષે નિરંતર ટાંકણાથી આલેખાયેલ
વર્તે છે, તો યમરાજ શું કરશે? કાંઈ જ કરી ન શકે.'

તજ્જપસ્તદર્થભાવનમ્ । ઈશ્વરપ્રાપ્તિનો ઉપાય છે:
નવકારનો નિત્ય જપ અને તેના અર્થનું રટણ કરીએ.

શુદ્ધ આત્મતત્ત્વમાં લય થવાનો સરલ, સહજ અને
સાત્ત્વિક પંથ એક માત્ર નમસ્કાર મહામંત્ર છે.

અહંકારને ન નમવું, તે નમસ્કાર પદાર્થ છે.

'નમવા યોગ્ય સમગ્ર વિશ્વવ્યવસ્થા, છે'

એમ મનની પ્રત્યેક સારા - નરસાં ભાવો
પ્રત્યે નમ્રભાવ કે વિરોધનો અભાવ તે ભાવનમસ્કાર છે
અને ભાવનમસ્કાર જ આર્ત - રૌદ્રસ્વરૂપ દુર્ધ્યાનરૂપી
પિશાચોને ભગાવનાર છે. તેને અંગ્રેજીમાં નોન - રેઝીસ્ટન્સ
અથવા Total surrender કહે છે.

અહંકારથી સહન કરે અથવા તો અનિચ્છાએ સહન કરે,
તેના કરતાં નમસ્કારથી સહન કરે, તેમાં ઘણું કર્મ ખપે.
એક નમસ્કાર અકામ અને બીજો નમસ્કાર સકામ છે.
સકામપણે કર્મ સહે, તેને અસંખ્ય ભવનાં પાપ ખપે
અને અસંખ્ય ભવ ચાલે, તેવાં પુણ્ય બંધાય. કર્મભાર
ઉતારવાનો સહેલામાં સહેલો ઉપાય નમસ્કારભાવ છે.

સુખમાં અથવા દુઃખમાં વિશ્વવ્યવસ્થાને નમવું,
તે સમ્યગ જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ છે.

પ્રકૃતિની રુચિ - જ્ઞાન - સમૃદ્ધિ મળતો આનંદ પરમ છે.

## નવપદ એ નવનિધાન કઈ રીતે છે?

સમ્યગ્દર્શન સ્નેહનો તથા સમ્યગ્જ્ઞાન સદ્વિચારનો
ભંડાર છે, સમ્યક્ચારિત્ર એ સદાચરણની ખાણ છે,
સમ્યક્તપ એ સંતોષ - સુખનો સાગર છે,
સાધુ સહાયના ભંડાર છે, ઉપાધ્યાય વિનયના ભંડાર છે,
આચાર્ય એ સદ્ગુણના ભંડાર છે,
સિદ્ધ પરમાત્મા એ પરમ આનંદના ભંડાર છે અને
અરિહંત એ કરુણાના - પરોપકારગુણના ભંડાર છે.
સ્નેહરાગનું વિસર્જન અને સ્નેહભાવનું સર્જન
તે નવકાર અને નવપદની આરાધનાનું ફળ છે.
'દુઃખરહિત સુખ'નો અર્થ એવો છે કે:
સુખ - દુઃખથી પર એવા જીવનની સાથે અભિન્નતા.
આપણું ચિત્ત ત્યારે જ સલામત બને, જ્યારે અંદર
કોઈપણ જીવના અહિતનો ભાવ ન રહે. નવકારનો
આરાધક જગતના જીવોની વિરાધના કરવાની સઘળી
વૃત્તિના ગુલામ ચૂકે, ત્યારે જ તે સાચો આરાધક ગણાય.

'નમઃ' પદ સાધનાનું સાધન છે, સર્વ સારનો સાર છે,
તે અહંનું નિવારણ અને મમનું મારણ છે,
તે કામ - ક્રોધનું વારણ અને ભવ્ય જીવોનું તારણ છે,
મંગળ અને કલ્યાણનું કારણ છે તથા મુક્તિનું મૂળ છે.
'નમઃ'થી પરમ પદ પ્રગટે છે. 'નમઃ' ભાવ પામેલો જીવ
સર્વના હિત, લાભ અને સુખમાં નિમિત્ત બને છે.
'નમઃ' એ ઉપયોગની શુદ્ધિ કરવા માટેનું મહારસાયણ છે.
અંતરાત્મા ઈશ્વરાભિમુખ રહેવો જરૂરી છે અને તે
'નમઃ' વડે શક્ય બને છે. 'નમઃ' એ શુભ ભાવ છે.
ભાવ = ઉપયોગ, જે ઈશ્વરાભિમુખ થતાં શુભ બને છે.
આત્મવિશ્વાસપૂર્વક અખંડપણે એમ થવું જોઈએ કે:
'સાધક તરીકે આ ધર્મક્રિયાથી મારો મોક્ષ અચૂક છે. હું
પ્રતિપળ ધર્મની આરાધના વડે મોક્ષ તરફ ખેંચાઈ રહ્યો છું.'
નમસ્કાર ઉપરની શ્રદ્ધા આપણો પ્રાણવાયુ છે.
'ધર્મને અને મોક્ષને સીધો સંબંધ છે' એ શ્રદ્ધા જ
મનુષ્યના મનથી નિર્મિત સૌથી મહાન ચમત્કાર છે.

શાસ્ત્રાભ્યાસ તથા તત્ત્વચિંતનનું બીજ શ્રી નમસ્કારમંત્ર છે. મનમાં કે આત્મામાં રહેલી મમતા રૂપી કચરો કાઢવાની તત્પરતા શાસ્ત્રાભ્યાસ તથા તત્ત્વચિંતનથી આવે છે. શ્રી નમસ્કાર મંત્રનાં સ્મરણ અને સતત ચિન્તનથી શાસ્ત્રાભ્યાસ પ્રત્યે આદર અને બહુમાન જાગે છે તથા બહુમાન ઉત્પન્ન થવાથી તત્ત્વચિંતન ઊંડું થાય છે.

તત્ત્વચિંતન ઊંડું થવાથી 'વાસના, તૃષ્ણા અને મમતાનું મૂળ સ્નેહની સંકીર્ણતા છે,' એમ સમજાય છે. સ્નેહની સંકીર્ણતા જ મમતાદિ બધા દોષોનું મૂળ છે, એવી સમજણ જ્યારે જીવને થાય છે, ત્યારે તે તેને કાઢવા માટેનો ઉપાય શોધે છે. એ ઉપાય શોધતાં તેને શ્રી નમસ્કારમંત્ર ઉપર સર્વાધિક આદર ઉત્પન્ન થાય છે. શ્રી નમસ્કારમંત્ર ઉપરના અધિક આદરથી સમસ્ત જીવરાશિ ઉપર સ્નેહનો પરિણામ વ્યાપી જાય છે. સંકીર્ણ સ્નેહ જે મમતા યા વાસનાનું કારણ બનતો હતો, તે જ હવે વ્યાપક અને પૂર્ણ બને છે.

નવકાર મંત્રના જાપ સાથે 'મહાવીર' નામનો જાપ
જાપ કરવો ધ્યાનથી આત્મોપયોગ અથવા
સમ્યગ્દ્રષ્ટિરૂપ કુંડલિની જાગૃત થાય છે.
કેવળ કુંભક પ્રત્યાહારમાં જ
મહાવીરનું સ્મરણ - ચિંતન કરવું જોઈએ.
નવકાર જાપ દ્વારા પંચ પરમેષ્ઠિરૂપ મહાવીરોને
આત્મરૂપ મહાવીરમાં એકધ્યાને પરિણમાવો.
પ્રત્યેક આત્મામાં સત્તાથી ભગવાન છે.
આત્માના જ્ઞાનમાં કોઈ ન્યૂન કે અધિક નથી.
ન્યૂનાધિકતા બધી પૌદ્ગલિક જ્ઞાન સાથે સંબંધિત છે.
પ્રભુના નામનો જાપ કરતી વખતે
સર્વ સિદ્ધો અને સર્વ તીર્થંકરોની સાથે
તેમની સાથેની આપણી એકતાનું ભાવન કરવું, પછી
સત્તાસ્વરૂપે નવકાર સાથે આત્માની એકતા ભાવવી.
ચોથાથી બારમા ગુણસ્થાનક સુધી મહાવીરો હોય છે.
ચોથાથી આંશિક મહાવીરત્વ પ્રગટ થતું જાય છે.

નવકાર એટલે વિનય. ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે.
સંસારમાં પ્રાણીમાત્રને ધર્મના ૪ અંગો મળવા દુર્લભ છે:
(૧) મનુષ્યપણું (૨) સારા વચનોનું શ્રવણ
(૩) સારા વચનોમાં શ્રદ્ધા અને
(૪) એ શ્રદ્ધા અનુસાર સંયમની પ્રવૃત્તિમાં પુરુષાર્થ.

'સર્વનું દુ:ખ એ પોતાનું જ દુ:ખ છે'
એ મહામંત્ર સિદ્ધ કર્યા સિવાય
બીજી કોઈ રીતે સુખના આગ્રહનો અંત થતો નથી.

૪ મંગળ વસ્તુ : અરિહંત - સિદ્ધ - સાધુ - ધર્મ, કેમકે
તે લોકમાં ઉત્તમ છે. ઉત્તમ કેમ? તો શરણભૂત છે.

જેમાં ગળપણ નહિ, તે ગોળ નહિ,
તેમ જેમાં મૈત્ર્યાદિ ભાવો નહિ, તે ધર્મ નહિ.

'પહેલાં મુક્તિ - પછી સાચી ભક્તિ' એનો અર્થ છે:
હૃદયમાં નિશ્ચય બેઠો હોય, તો વ્યવહાર શુદ્ધ થાય.

ભગવાન એ નામ નહિ, પરન્તુ વિશેષણ છે.
જેને ભગ = ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે, તે ભગવાન છે.

# નમસ્કારભાવનું પરમ રહસ્ય

નવકારથી નામસ્મરણ, રૂપદર્શન અને સ્વરૂપસ્મરણ - એ ઉપાસના પરમ ઉપાય છે - સાધનાનાં પરમ સાધન છે. જેથી ચાર કષાયથી મુક્ત થવા માટે કષાયથી રહિતનું સ્મરણ કરે છે, તેથી ચાર ગતિના આ ચક્રાવાથી સદાયને માટે મુક્ત થઈને પરમપદે પહોંચવાના છે.

ચાર કષાયના પ્રતિપક્ષી ચાર ભાવ -
તે મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્ય.

અન્યની ભૂલની ઉદાર દિલે ક્ષમા આપવી, તે નમસ્કારભાવનું પરમ રહસ્ય છે, ભક્તિ વંદન છે અને ભક્તિ પ્રતિક્રમણ છે. નવકાર મંત્ર ક્ષમાનું કેન્દ્ર છે, સાધનાનું અનિવાર્ય અંગ - હૃદયશુદ્ધિનું શ્રેષ્ઠ સાધન છે, પરસ્થાનમાંથી સ્વસ્થાનમાં આવવાનો એકમાત્ર ઉપાય છે, આત્મપક્ષ અને આત્મલક્ષ દ્વારા આત્મગૃહમાં સ્થિર થવાનું સ્થાન છે. નવકાર દ્વારા જ અવશ્યપણે હિતચિંતારૂપ અને સ્નેહપરિણામ રૂપ મૈત્રીથી ભાવિત થવાય છે.

## 'ॐ નમઃ સિદ્ધં ।' મંત્રની ઉપાસના

બિંદુ - નાદ - કલાત્મક 'ॐ નમઃ સિદ્ધં ।'
મંત્રની ઉપાસના કરવી જોઈએ.

વર્ણમાતૃકા વડે પરમાત્માનું જ્ઞાન મળે છે.
પ્રત્યેક વર્ણના ઉચ્ચાર રૂપે જે નાદ ઉત્પન્ન થાય છે,
તેમાં મનની સ્મૃતિરૂપી વૃત્તિને એકાગ્રતાપૂર્વક
જોડવાથી નાદાનુસંધાનપૂર્વક આત્માનુસંધાન થાય છે.
'ॐ નમઃ સિદ્ધં ।'ના પ્રસ્તુત વર્ણોચ્ચારમાં વાચ્ય ન હોવાથી
વાચક નહિ, તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે.
વર્ણનો આત્મા નાદ અર્થાત્ ધ્વનિ હોવાથી તેના
અનુસંધાન વડે સાધક સર્વ શ્રુતનો પારગામી થાય છે.
શ્રુતજ્ઞાનાવરણીય કર્મોની નિર્જરામાં માતૃકાનું સંસ્મરણ
એક સચોટ ઉપાય છે અને સરળ ઉપાય પણ છે.
વર્ણમાતૃકા અનાદિસંસિદ્ધ છે = કોઈએ બનાવેલા નથી.
નામ પરિચય કરાવે છે, નમસ્કાર સમર્પણ કરાવે છે.
નામ એક વસ્તુતંત્ર છે, નમસ્કાર એ પુરુષતંત્ર છે.

## 'ૐ નમઃ સિદ્ધં' મંત્રમાં શું છે?

'ૐ નમઃ સિદ્ધં'માં ૐ એ નાદનું અનાહતરૂપ છે,
'નમઃ' બિંદુનું સેતુરૂપ છે અને 'સિદ્ધં' એનું ફળરૂપ છે.
મંત્રજાપ વડે સિદ્ધિની પ્રાપ્તિ કરવી હોય, તો
મનમાં ઉત્સાહ, ભાવનામાં નિશ્ચય, બુદ્ધિમાં નિર્મળતા,
વૃત્તિમાં ધૈર્ય, હૃદયે સંતોષ, જનસમૂહથી એકાંત જોઈએ.
નવકાર મંત્રનું 'નમો' પદ બીજસ્થાનિક છે.
ૐ પ્રણવબીજ નથી, સિદ્ધિબીજ છે. 'નમઃ' બિંદુ છે.
તે સિદ્ધિ અને સાધનાની મધ્યમાં સેતુ છે.
'સિદ્ધં' એ ફળ અર્થાત્ ફૂલ છે.
સંકલ્પ નહીં, નિરાલંબક સ્થિતિને 'ધ્યાન' કહે છે.

નમસ્કારભાવ એ જ પરિણામ અને
સર્વ સાવદ્યના ત્યાગરૂપ પરિણામ તે પ્રત્યાખ્યાન પરિણામ.
એકનું નામ નમસ્કાર અને બીજાનું નામ સામાયિક છે.
સામાયિક એ ધર્મનો હેતુ છે અને
નમસ્કાર એ ધર્મના હેતુનો હેતુ છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ
ભાવનિર્જરા અને આત્મહિત પરિજ્ઞાનો હેતુ છે.
હિતાહિત અને સારાસારને પરખવાનું કામ બુદ્ધિનું છે.
તેને 'આત્મહિત પરિજ્ઞા' પણ કહે છે.
આત્મહિત પરિજ્ઞાના બે પ્રકાર:
'જ્ઞ પરિજ્ઞા' તથા 'પ્રત્યાખ્યાન પરિજ્ઞા'.
'જ્ઞ પરિજ્ઞા' એટલે આત્મહિતને જાણવું તથા
'પ્રત્યાખ્યાન પરિજ્ઞા' એટલે આત્મહિતને કરવું.
આત્માનું હિતાહિત શેમાં છે, તે જાણીને
અહિતનો પરિહાર અને હિતનો અંગીકાર કરવો,
તેનું જ નામ 'આત્મહિત પરિજ્ઞા' છે.
'બોધિ દુર્લભ છે' તેનો અર્થ આત્મહિત પરિજ્ઞા દુર્લભ છે.
નવકારના પરમેષ્ઠિ 'જિન' એટલે શુદ્ધ આત્મદશાની
તથા જીવને અને જિનને જે માને, તે જૈન.
જ્યાં જૈનત્વ, ત્યાં કષાય નહિ તથા જ્યાં કષાય, ત્યાં
જૈનત્વ નહિ. કષાયરહિત થવું, તે જ વીતરાગનો ધર્મ.

## શુદ્ધાત્માના બોધક પદો ક્યા ?

શબ્દબ્રહ્મ એ શ્રી જિનવાણીનો પર્યાય છે.
જે વાણી 'બ્રહ્મ' એટલે કે કેવળજ્ઞાન અને
સનાતન આત્માનો બોધ કરાવે, તે શબ્દબ્રહ્મ.
એ દૃષ્ટિએ નમસ્કાર મંત્ર એ શબ્દબ્રહ્મ છે,
કેમકે તે શુદ્ધાત્માના બોધક પદો છે.

## નવકારનું ધ્યાન કરવા બેસીએ, ત્યારે...

પ્રથમ ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું, પછી
ગુણગણનું અને તે પછી સર્વાંગનું ધ્યાન કરવું.
ધ્યાતા, ધ્યેય, ધ્યાન, સાધક, સાધ્ય, સાધન,
દ્રષ્ટા, દૃશ્ય, દર્શન - એ સર્વ જ્યારે એક થાય,
ત્યારે મુક્તિ મળે છે અને એનું જ નામ 'અદ્વૈત' છે.
બહિરાત્મદશા = ભવવિલાસ, અંતરાત્મદશા = સમવિલાસ
તથા પરમાત્મદશા = પરમવિલાસ.

નવકાર મંત્ર એ દયા - ક્ષમાનો મંત્ર છે અને
ગાયત્રી મંત્ર એ બુદ્ધિ - જ્ઞાનનો મંત્ર છે.

## નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ મહામૂલી

અન્યને આનંદિત જોઈને પોતે પણ આનંદિત થનાર
જેવો સંપત્તિમાન મનુષ્ય જગતમાં અન્ય કોઈ નથી,
એ દૃષ્ટિએથી નમસ્કાર મહામંત્રની ભાવથી પ્રાપ્તિ થવી,
એ જ મહાસંપત્તિ છે - સર્વોત્કૃષ્ટ ભાવસંપત્તિ છે.

'નમો અરિહંતાણં ।' એ એક જ પદમાં
૪ મંગળ, ૪ લોકોત્તમ અને ૪ શરણા રહેલાં છે.

મંગળ એ આદર્શરૂપ - લોકોત્તમતા એ ઉપદેશસ્વરૂપ
અને શરણાગતિ એ આલંબનસ્વરૂપ છે.

અરિહંતનો નમસ્કાર જીવને હજારો પાપથી છોડાવે છે,
બોધિલાભ માટે થાય છે, સર્વ પાપકર્મોનો ક્ષય કરાવી
સર્વોત્કૃષ્ટ મંગળસ્વરૂપ મોક્ષસુખને આપનારો થાય છે.
અરિહંત પરમાત્માઓ ગુણપ્રકર્ષવાન હોવાથી મંગળ
સ્વરૂપ છે, તીર્થંકર નામકર્મના વિપાકોદયરૂપ અચિન્ત્ય
શક્તિ સમેત હોવાથી લોકોત્તમસ્વરૂપ છે અને સર્વદા
પરાર્થરસિકતાને વરેલાં હોવાથી પરમ શરણરૂપ છે.

# પરમેષ્ઠિ નમસ્કારથી સમત્વની સિદ્ધિ

ચૌદ પૂર્વ અને દ્વાદશાંગીમાંથી આપણને જે અનેક પ્રકારનો પ્રકાશ મળે છે, તેમાંનો એક પ્રકાશ એ છે કે આત્મદ્રષ્ટિ સિવાય કોઈ જીવ આપણાથી ઉતરતો નથી અને દેહદ્રષ્ટિ સિવાય કોઈ જીવ આપણાથી ચઢિયાતો નથી.

કર્મયુક્ત જીવની અવસ્થા સર્વની સરખી દુઃખ-દાયક છે. કર્મજનિત અવસ્થા સર્વને સરખી કષ્ટદાયક છે, કેમકે કર્મજનિત સુખ પણ પરિણામે દુઃખદાયક છે.

સર્વ જીવો સાથે પોતાની તુલ્યતાનું આ પ્રકારે ભાવન અને તે વડે પ્રાપ્ત થતું અપૂર્વ સમત્વ એ મોક્ષનું અસાધારણ કારણ છે.

અતીતકાળના અનંતા, વર્તમાનકાળના સર્વ ક્ષેત્રના કેવળ-જ્ઞાનીઓ અને છદ્મસ્થ મુનિઓ તથા ભવિષ્યકાળના અનંતા આચાર્ય, ઉપાધ્યાય આદિ સાધુ ભગવંતોને નમસ્કાર થાય છે. એ નમસ્કાર પરમેષ્ઠિઓમાં રહેલાં સમત્વને ઉદ્દેશીને થતો હોવાથી સમત્વની સિદ્ધિ કરે છે.

## ચૈતન્યનું અનંત સુખ નવકારમાં

શ્રી નમસ્કાર મહામંત્રના પદોનું રટણ કરવાથી
નિજ શુદ્ધાત્માનો પ્રત્યક્ષ સાક્ષાત્ બોધ થાય છે.
આત્મા સ્વયં ધર્મરૂપ છે, તેની સિદ્ધિ
અંતર્દૃષ્ટિ વડે મોહનો નાશ કરવાથી થાય છે.
ચૈતન્યમાં વિષયાતીત અનંત સુખ ભર્યું છે,
તેની તરફ દૃષ્ટિ ફેરવનાર મંત્ર તે નમસ્કાર મંત્ર છે.

## નવકાર જાપ રૂપાત્મક તપ એટલે...

મનની શુદ્ધતા + ચિત્તની પ્રસન્નતા જે દ્વારા વધે તે.
જાપ સાથે સાથે બ્રહ્મચર્ય અને સત્ય પણ તપ છે.
તે વડે મન, ચિત્ત તથા બુદ્ધિની મલિનતા દૂર થાય છે.
નવકારને નહીં ઓળખી શકવાને કારણે આપણા
આત્મા અને દેહ વચ્ચેની ભેદરેખાને સ્પષ્ટપણે કળી
શકતાં નથી અને તેથી જ પ્રસંગોપાત નવકારના અક્ષરો
બોલી નાખવા છતાં એ અક્ષરોમાંના અક્ષરતત્ત્વ વિશે
જરા જેટલો પણ વિચાર કરી શકતાં નથી.

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ પૂર્વે
પોતાની સાથે આમ વાતો કરવી કે:

'હે આત્મન્! તું તો દુકાનનો માલિક છે, શેઠ છે,
દિવસ - રાત તારી પેઢી ઉપર જ તું રહે છે,
તો મન તથા પાંચે ઈંદ્રિયો આદિ
સર્વ નોકરો ઉપર જાગ્રત બનીને કામ રાખ.'

મોટા મુનિમ 'મનજી' છે, તેને ભલામણ કરી દે કે:

'જુઓ, મેં બેભાન અવસ્થામાં તમારા ભરોસે રહી તથા
તમારામાં શામેલ રહીને ઘણો જ માર ખાધો છે. હવે
આપણે પરમાત્માના વચન પર પૂરો વિશ્વાસ થયો છે.
શ્રી અરિહંત પરમાત્માના વચન ઉપરના વિશ્વાસથી
આપણે હવે ભાન થયું છે કે મનજી!
તમારો અને મારો સંયોગ તો થોડા જ સમયનો છે.
કાર્ય કરવામાં વીતરાગ પ્રભુની આજ્ઞા અનુસાર જ
તમારે વર્તન કરવું પડશે તથા જરૂરીયાત સિવાય
એક ડગલું ભરવામાં પણ હવે મારો સાથ નહિ મળે.'

જે નવકારનું શરણું લે છે, તે પામે ભવપાર રે

દુનિયામાં દૂજો નહિ દીસે, તુજ સમો આધાર રે...

ડૂબતાં પ્રાણી લે છે ઉગારી, તું હી જ તારણહાર રે...જે નવ૦

પરમેષ્ઠિ છે ઊંચા તુજમાં, પાંચ પાંચ ઉદાર રે...

અરિહંત સિદ્ધ અને આચારજ, પાઠક ને અણગાર રે...જે નવ૦

મંગળનું મંદિર છે તું હિ, તું ભવભંજનહાર રે...

ઇચ્છા સઘળી પૂરી કરતો, કલ્પવૃક્ષ અવતાર રે...જે નવ૦

જેના જેના હૈયે રમતો, ભમતો નહિ સંસાર રે...

તુજ ચરણે મુજ વંદન હોજો, શ્વાસોશ્વાસ હજાર રે...જે નવ૦

## સિદ્ધ મંત્ર નવકાર

સિદ્ધ મંત્ર નવકાર જપંતા, સિદ્ધ થયાં આરાધક અનંતા,

હૃદયકમળે ભાવ સમરંતા, કર્મ નિવારી મુક્તિ વરંતા.-૧

પંચ પરમેષ્ઠિ ધ્યાન ધરંતા, સાધુ - સાધ્વી કેઈ મહંતા,

સૂત્ર શિરોમણિ અર્થ લહંતા, દિવ્ય જ્ઞાનપ્રકાશ ભટંતા.-૨

અરિહંત સિદ્ધ નમઈ અનંતા, આચારજ ઉવજ્ઝાય લહંતા,

ભાવ પ્રણમો સાધુ ગુણવંતા, ત્રિભુવનમાંહી જયજયવંતા.-3

(પાછળથી ચાલુ...)

મંત્ર શિરોમણિ નિત્ય ગણંતા, પાપકર્મ અરિ દૂર કુટંતા,
તારક મંગળ આપદ હરંતા, સુમતિ જિનદે ભવ ઠરંતા.-૪
અરિહા ધ્યાને કુમતિ હરંતા, આપ સ્વભાવમાં ભવ રમંતા,
સમતાદિ ગુણ સંયમવંતા, સહજાનંદી આત્મતરંતા. -૫

## જયવંતો નવકાર

સહજાનંદી આતમ જાગો, પંચપરમેષ્ઠિ ધ્યાન લગાવો.
ચઉ નિક્ષેપે કલિકાળમાં પૂજ, અંતરભાવ જગાવો. -૧
ચોર્યાસી લક્ષ યોનીએ ભમતાં, દુર્લભ માનવભવ મળશે,
દેવ ગુરુ સુધર્મ સાંપડતા, ચિંતામણિ નવકારે ફળશે. -૨
ભવાભિનંદી આત્મ ગણંતા, સંસાર ત્યાગી સાધુ બનંતા,
આધિ, વ્યાધિ, ઉપાધિ હરંતા, કર્મ જંજાળ મુક્તિ વરંતા.-૩
મંગલમય નવકાર ગણંતા, રોગ - શોક - ભય દૂર હરંતા,
સદાય સમરે જગ જયવંતા, નવનિધિ શાશ્વત સુખ વરંતા.-૪
જય જયવંતો જગ ઉપકારી, મંત્ર પ્રભાવી ભવ દે તારી,
ચિદ્ઘન આતમ ગણ તું ધારી, સેવો સમરે જયજયકારી.-૫



'હું'કાર હટાવવાનું સાધન નવકાર છે. નામનો સુધારસ પીવા નવકાર ગણો.
જેને એ પીવાનો લ્હાવો મળ્યો, પછી તેનો અમલ જતો નથી.
તે આત્મસ્વભાવમાં - આનંદમાં મગ્ન રાખે છે, જે કદી યે ખૂટતો નથી.




God talks to us through Navkar Mahamantra.
એ જવાબ આપે છે કે : તું અજર - અમર આત્મા છો.
મારૂં ધ્યાન તને પરમપદ આપશે. બસ, તું મારાં જાપ કર.

www.fiestadesigns.in